Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**





| | | |
|---|---|---|
| વર્ષ : ૨૧ | 卐 તંત્રી 卐 | વીર સં. |
| અંક : ૨-૩ | જગજીવન બાવચંદ દોશી | ૨૪૯૦ |
| ૨૪૨-૨૪૩ | | માગશર-પોષ |


# જી....વ.....ન.....માં

જીવનમાં હરેક પ્રસંગે અધ્યાત્મનો પ્રેમ અને ધૈર્ય રાખવું એ આપણું કર્તવ્ય છે. પરંતુ એટલામાં જ આપણો પ્રયત્ન પૂરો નથી થતો; એ તો હજી પ્રયત્ન ઉપડવાની પૂર્વ ભૂમિકા જ છે. જીવનમાં એ અધ્યાત્મપ્રેમરૂપી દાદરો હાથમાં આવ્યો કે તરત તેના પગથિયા ચડવાના છે. અધ્યાત્મપ્રેમ એ અનુભવનો દાદરો છે. અધ્યાત્મપ્રેમ જેટલો વધુ તેટલો અનુભવ નજીક.

અધ્યાત્મની ચર્ચા પ્રેમપૂર્વક સાંભળે છે તે ધન્ય છે -એમ સંતોએ કહ્યું છે, તો પછી સાક્ષાત્ અધ્યાત્મના અનુભવરૂપ પરિણમેલા ધર્માત્માની શી વાત!! એવા સંતના શરણમાં રહીને જીવનમાં અધ્યાત્મપ્રેમને વધુ ને વધુ પુષ્ટ કરીએ ને જીવનસાધના સફળ બનાવીએ....એ જીવનમાં એક જ કર્તવ્ય છે.

卐

## ☞ તુરત લક્ષમાં લેશો....જી

આગામી વૈશાખ સુદ બીજે મુંબઇ નગરીમાં પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીની ૭૫ મી જન્મજયંતી હીરકજયંતી મહોત્સવ તરીકે ઉજવાશે, તે પ્રસંગે એક અભિનંદનગ્રંથ પ્રસિદ્ધ થશે. તે અભિનંદનગ્રંથની સંપાદકસમિતિ તરફથી દરેક ગામના મુમુક્ષુ મંડળને નીચેની બાબતો તુરત મોકલવા વિનંતિ કરવામાં આવે છે.

(૧) આપના ગામના જિનમંદિરનો ફોટો. (કેબીનેટ સાઇઝ)

(૨) મૂળનાયક ભગવાનનો ફોટો. (નામ સહિત)

(૩) મુમુક્ષુમંડળનો ગ્રૂપ ફોટો. (પ્રમુખનું નામ)

(૪) મુમુક્ષુમંડળ તરફથી શ્રદ્ધાંજલિરૂપ લેખ.

* આ ઉપરાંત કોઇ વિશેષ ફોટા, લેખ વગેરે હોય તો તે.

રાજકોટ, જામનગર, ગોંડલ, મોરબી, વાંકાનેર, જેતપુર, વડીઆ, સાવરકુંડલા, અમરેલી, આંકડિયા, સુરેન્દ્રનગર, ચોટીલા, વઢવાણ શહેર, જોરાવરનગર, લીમડી, રાણપુર, બોટાદ, લાઠી, વીંછીયા, ઉમરાળા, ભાવનગર, સોનગઢ, કલકત્તા, જમશેદપુર, જયપુર, અજમેર, પાલેજ, સુરત, વડોદરા, અમદાવાદ, મુંબઇ, રાંચી, ખૈરાગઢ, જલગાંવ, ઈન્દોર, ભોપાલ. દિલ્હી, ખંડવા, આગ્રા, કિસનગઢ, સનાવદ, ગુના, મલકાપુર, ઉજ્જૈન, મદ્રાસ, દેહગામ, ગુજરાત વગેરે ભારતભરના, તેમજ વિદેશમાં આફ્રિકા, જાપાન, બર્મા વગેરેના મુમુક્ષુઓને પણ ઉપરોક્ત વસ્તુઓમાંથી જે શક્ય હોય તે તુરત મોકલવાની વિનંતિ છે, કેમકે થોડાજ વખતમાં ગ્રંથનું છાપકામ શરૂ કરવાનું છે.

મોકલવાનું સરનામું–

**શ્રી કાનજીસ્વામી અભિનંદન-ગ્રંથ સમિતિ**

C/o દિગંબર જૈન મુમુક્ષુમંડળ,

૧૭૩–૧૭૫ મમ્બાદેવી રોડ, મુંબઇ–૨


**આત્માર્થિતા વાત્સલ્ય ને દેવગુરુધર્મની સેવાનો સંદેશ**

**આપતું અધ્યાત્મપ્રેમી જિજ્ઞાસુઓનું માનીતું માસિક**

**卐 આત્મધર્મ 卐**

વાર્ષિક લવાજમ ચાર રૂપીઆ

પ્રાપ્તિસ્થાન : **દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ** (સૌરાષ્ટ્ર)

दंसण मूलो धम्मो
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

# સાચો પુરુષાર્થ કદી નિષ્ફળ જતો નથી

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

જીવ અંતરના ખરા અભ્યાસવડે પ્રયત્ન કરે તો ઉત્કૃષ્ટ છ મહિનામાં જરૂર આત્માનો અનુભવ અને સમ્યગ્દર્શન થાય.–એ સાંભળીને એક વ્યક્તિએ પૂછયું કે અમે પુરુષાર્થ તો ઘણો કરીએ છીએ પણ સમ્યગ્દર્શન થતું નથી?

તેના ઉત્તરમાં ગુરુદેવે કહ્યું કે અરે ભાઈ! સમ્યક્ત્વ માટેનો ખરો પુરુષાર્થ કરે અને સમ્યક્ત્વ ન થાય એમ બને નહિ. કારણ પ્રમાણે કાર્ય થાય જ–એવી કારણ–કાર્યની સંધિ છે. કાર્ય નથી પ્રગટતું તો સમજ કે તારા કારણમાં જ ક્યાંક ભૂલ છે. તારો પુરુષાર્થ કયાંક રાગની રુચિમાં રોકાયેલો છે. જો સ્વભાવ તરફના પુરુષાર્થની ધારા ઉપડે તો અંતર્મુહૂર્તમાં જરૂર નિર્વિકલ્પ અનુભવ સહિત સમ્યગ્દર્શન થાય.

સ્વભાવનો પ્રયત્ન કરે નહિ, પ્રયત્ન તો રાગનો કરે અને કહે કે અમે ઘણો પ્રયત્ન કરીએ છીએ છતાં સમ્યક્ત્વ થતું નથી, તેને કારણ–કાર્યના મેળની ખબર નથી. કારણ આપે રાગનું, અને કાર્ય માંગે વીતરાગનું, પ્રયત્ન કરે વિભાવનો અને કાર્ય માગે સ્વભાવનું–એ કયાંથી મળે? ભાઈ, સમ્યક્ત્વને યોગ્ય કારણ તું આપ તો જરૂર સમ્યગ્દર્શનરૂપ કાર્ય પ્રગટે. એ સિવાય બીજા લાખ કારણ ગમે તેટલો કાળ સેવ્યા કર તોપણ તેમાંથી સમ્યક્ત્વરૂપ કાર્ય આવે નહિ. માટે સમ્યક્ત્વનો ખરો પુરુષાર્થ શું છે તે સમજ, અને યથાર્થ કારણ–કાર્યનો મેળ સમજીને પુરુષાર્થ કર, તો તારું કાર્ય પ્રગટે. સાચો પુરુષાર્થ કદી નિષ્ફળ જતો નથી.

# 卐 ધ....ર્મા....ત્મા....નો સં....ગ 卐

સત્સંગનું વિધાન કરતાં ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કેઃ લૌકિકજનના સંગથી સંયત પણ અસંયત થાય છે; તેથી જો શ્રમણ દુઃખથી પરિમુક્ત થવા ઇચ્છતો હોય તો તે સમાન ગુણવાળા શ્રમણના અર્થાત્ અધિક ગુણવાળા શ્રમણના સંગમાં નિત્ય વસો–

**તેથી શ્રમણને હોય જો દુઃખમુક્તિ કેરી ભાવના.**

**તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં.** (૨૭૦)

અહા, મુનિઓને સંબોધીને પણ આ સત્સંગનો ઉપદેશ છે, તો બીજા જિજ્ઞાસુઓની તો શી વાત! તેણે તો આત્માર્થ સાધવા માટે જરૂર ધર્માત્મા –ગુણીજનોના સત્સંગમાં રહેવું આવશ્યક છે.

વર્તમાન કળિયુગમાં પણ પૂ. શ્રી કહાનગુરુ જેવા મંગલમૂર્તિ સંતધર્માત્માઓનો આપણને સાક્ષાત્ સુયોગ સાંપડયો છે તે ખરેખર આપણું પરમ ભાગ્ય છે. ધર્મના જિજ્ઞાસુ આત્માર્થી જીવને દુઃખપ્રસંગોથી ભરપૂર આ જગતમાં ધર્માત્માનો યોગ મહા શરણરૂપ છે. અને ધર્માત્માનો યોગ મળ્યા પછી ધર્માત્માની શીળી છત્રછાયામાં નિરંતર વસવાનો સુયોગ બનવો તે તો મુમુક્ષુને માટે મહાભાગ્યની વાત છે. જેમ મા–બાપની હાજરીમાત્ર પણ બાળકને પ્રસન્નકારી ને હિતકારી છે તેમ ધર્માત્માનો યોગ મુમુક્ષુજીવને પ્રસન્નકારી ને હિતકારી છે.

આત્માર્થી જીવ સદાય પોતાની નજર સમક્ષ ધર્માત્માને દેખી દેખીને પોતાના આત્માર્થનું પોષણ કરે છે....પોતાનું આખુંય જીવન ધર્માત્માના જીવન અનુસાર કરવા ભાવના ભાવે છે....એટલે ધર્માત્માના આરાધકજીવનને ધ્યેયરૂપ રાખીને જ તે પોતાનું જીવન જીવે છે. અને જ્યારે ધર્માત્માની મીઠી નજર કે મધુર વાણી તેના ઉપર વર્ષે છે ત્યારે તે આત્માર્થીનો આત્મા એવો તો આહ્લાદિત થાય છે કે જાણે સન્તોના અતીન્દ્રિય આનંદની જ પ્રસાદી મળી હોય!

આત્માર્થનું રક્ષણ કરનારી અને સદાય સન્માર્ગે દોરનારી એવી જ્ઞાની ગુરુઓની મંગળછત્રછાયા જેના શિર ઉપર વર્તી રહી છે એવા જીવને જગતની ચિંતાઓ સતાવી શકતી નથી, કેમકે ધર્માત્માનું દર્શનમાત્ર પણ સંસારસંબંધી સમસ્ત ચિંતાઓને ભૂલાવીને આત્માને મોક્ષમાર્ગ પ્રત્યે ઉત્તેજિત કરે છે.

**અહા, આવા ધર્માત્માઓ જગતમાં સદા જયવંત વર્તો કે જેમના સંગથી સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ તથા વૃદ્ધિ થાય છે.**

# અતીન્દ્રિય આત્મા કઈ રીતે ગ્રહાય ?

**પ્રવચનસારની ૧૭૨ મી ગાથામાં ૨૦ બોલથી આચાર્યદેવે આત્માનું અસાધારણ સ્વરૂપ ઘણું સ્પષ્ટ સમજાવ્યું છે. ગુરુદેવને તે ઘણું પ્રિય છે. તેઓ કહે છે કે જુઓ ભાઈ! જેણે અસાધારણ ચિહ્નવડે આત્માને ઓળખવો હોય, જેણે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય-તેને માટે આ મૂળ વાત છે. આ ગાથા ઉપરના અદ્‌ભુત પ્રવચનોનું દોહન કરીને કેટલોક ભાગ 'આત્મધર્મ'ના ગતાંકમાં આપ્યો છે. અહીં વિશેષ આપવામાં આવ્યું છે.-**

**અહા, મુનિઓએ જંગલમાં બેઠાબેઠા અંતરમાં ઊંડા ઊતરીને આત્માને તો સાધ્યો ને જગતના જીવોને માટે પણ તેનું સ્વરૂપ ખુલ્લું મુકી દીધું. સ્વસંવેદનમાં જેણે સિદ્ધના ભેટા કર્યા, ને અલ્પકાળમાં જેઓ પોતે સિદ્ધ થઇ જશે એવા સાધકસંતોનું આ કથન છે. તેને ઓળખતા સાધકપણું થાય, ને સિદ્ધના ભેટા થાય.**

આત્માને જાણવાનું અસાધારણ ચિહ્ન શું છે? એમ જિજ્ઞાસુ શિષ્યનો પ્રશ્ન છે, તેને આચાર્યદેવ આ ૧૭૨મી ગાથામાં અસાધારણ ચિહ્ન બતાવીને આત્માનું પરમાર્થસ્વરૂપ ઓળખાવે છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. પણ ઇન્દ્રિયોવડે તે જાણતો નથી. " ઇન્દ્રિયોવડે જે જાણે છે તે આત્મા" એમ ઓળખતાં આત્માનું પરમાર્થસ્વરૂપ ઓળખાતું નથી ઈન્દ્રિયોથી તો આત્મા અત્યંત જુદો છે, એમ ભેદજ્ઞાન કરાવ્યું છે. જો 'ઇન્દ્રિયોથી જાણનાર તે આત્મા' એમ ઓળખે તો તેમાં ઇન્દ્રિયો અને આત્માની એકત્વબુદ્ધિ થાય છે, ને આત્માનું વાસ્તવિક સ્વરૂપ ઓળખાતું નથી. આત્મા તો અતીન્દ્રિયજ્ઞાનમય છે-એમ ઓળખવું તે આત્માની વાસ્તવિક ઓળખાણ છે.

વળી ગ્રાહ્ય એટલે કે જ્ઞેયરૂપ એવો જે આત્મા, તે ઇન્દ્રિયોવડે જણાતો નથી. ઇન્દ્રિયોના અવલંબનવાળું જ્ઞાન આત્માને જાણી શકતું નથી. ઇન્દ્રિયોથી પર થઈને ચિદાનંદસ્વભાવમાં અંતર્મુખ થાય-તે જ્ઞાનવડે જ આત્મા જણાય છે.-એ સિવાય ઇન્દ્રિયપ્રત્યક્ષ વડે તે જણાતો નથી, એમ બીજા બોલમાં સમજાવ્યું.

અતીન્દ્રિય જ્ઞાનમૂર્તિ આત્મા ઇન્દ્રિયગમ્ય

ચિહ્નદ્વારા પણ જણાતો નથી. અતીન્દ્રિય આત્માનું ચિહ્ન ઇન્દ્રિયવડે કેમ જણાય? ઇન્દ્રિયગમ્ય તો જડ ચિહ્ન હોય, પણ ચૈતન્યનું ચિહ્ન ઇન્દ્રિયગમ્ય કેમ હોય? કાનવડે ભાષા સંભળાય, ત્યાં ભાષા કાંઇ આત્માનું ચિહ્ન નથી, તે તો જડનું ચિહ્ન છે.

બીજાઓ વડે માત્ર અનુમાન દ્વારા જણાય-એવો આત્મા નથી. જુઓ, આમાં અચિંત્ય વાત છે; જ્ઞાની ધર્માત્માને કેમ ઓળખવા-તેની અદ્ભુત વાત આ ચોથા બોલમાં આવી જાય છે; પોતાને સ્વસંવેદન થયા વગર, સામા જ્ઞાનીના આત્માની ખરી ઓળખાણ થતી નથી.

**અહા, સંતોએ હૃદયની વાત બહારમાં મૂકી દીધી છે,**
**જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે.**

ભાઈ, ચૈતન્યરતનની અચિંત્ય કિંમત કેમ થાય તેની આ વાત છે. સામો આત્મા જ્ઞાની-ધર્માત્મા છે તે કઈ રીતે ઓળખશો? ઓળખાય તો ખરા, પણ કઇ રીતે ઓળખાય? આત્માની કે ધર્માત્માની ખરી ઓળખાણ જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકીને જ થાય છે, ઇન્દ્રિયો તરફ ઝૂકીને, કે એકલા અનુમાનવડે તે ઓળખાણ થતી નથી. રાગના સંગથી ને ઇન્દ્રિયોના સંગથી જરાક દૂર થઇને જ આત્માની કે દેવ-ગુરુ-ધર્માત્માની ઓળખાણ થઇ શકે છે. પણ 'આ આત્મા આમ બોલે છે, આમ ચાલે છે, શાંત દેખાય છે માટે તે ધર્માત્મા છે'-એમ માત્ર બોલ-ચાલ ઉપરથી જ્ઞાનીની ઓળખાણ ખરેખર થઇ શકતી નથી. **જ્યારે રાગથી જરાક જુદો પડીને જ્ઞાનસ્વરૂપી આત્માનો નિર્ણય કર્યો ત્યારે પોતાને ખરી ઓળખાણ થઇ કે દેવ કેવા? ગુરુ કેવા? ધર્માત્મા કેવા? અને જ્યારે એવી ખરી ઓળખાણ થઇ ત્યારે જ ખરો પ્રમોદ જાગ્યો!** અહા, અનંતકાળમાં આવા પરમાર્થસ્વરૂપે જ્ઞાનીને ઓળખ્યા નથી, ભગવાનને ઓળખ્યા નથી, ગુરુને ઓળખ્યા નથી, કે દેવ-ગુરુની વાણી (શાસ્ત્ર)ના રહસ્યને ઓળખ્યું નથી.

બાર અંગના શબ્દોમાં કાંઇ આત્મા નથી, ને તે શબ્દોવડે આત્મા જણાતો નથી, આત્મા તો સ્વસંવેદન વડે જણાય છે. આમ તો એકેક ગાથામાં આત્મા બતાવ્યો છે-પણ સ્વસંવેદન કરે તેને તેની ખબર પડે. સ્વસંવેદન વગર બાર અંગનું રહસ્ય સમજાય નહીં. સ્વસંવેદન વગર ભલે લૌકિક ભણતર ભણી જાય પણ આત્માને જાણવા માટે તે કાંઇ સાધન નથી; અરે શાસ્ત્રભણતર પણ સ્વસંવેદન વગર લૌકિક ભણતર જેવું જ છે.

કોઇ કહે કે અમે ઘણું ભણ્યા, ને મોટા મોટા ભાષણ કરીને ઘણાને સમજાવી દઇએ, ને બીજા અમુક તો એકલા પોતાનું જ કરે છે; ઘણાને સમજાવે તો જ્ઞાની સાચા-એમ કહેનાર ખરેખર મૂઢ છે, તેને જ્ઞાનીની ખબર નથી. અરે બાપા! જ્ઞાનીની દશા શું છે તેની તને ખબર નથી. **જ્ઞાનીની ખરી ઓળખાણ માટે પણ કોઇ અપૂર્વ પાત્રતા હોય ત્યારે ઓળખાય છે. જ્ઞાનીને ઓળખે ને પોતામાં સ્વસંવેદન ન થાય એમ બને જ નહીં. જ્ઞાનીને ખરેખર જાણનાર જીવ પોતે પણ તે જ્ઞાનીની નાતમાં ભળી જાય છે. ભગવાનના માર્ગમાં ભળેલો જીવ જ ભગવાનને ખરેખર**

**ઓળખી શકે છે.** જ્ઞાનીની જાતનો ભાવ પોતામાં પ્રગટ કર્યા વગર (કજાતમાં રહીને) જ્ઞાનીની ખરી ઓળખાણ કેમ થાય? ન જ થાય. માટે કહ્યું કે બીજાવડે એકલા અનુમાનથી આત્મા ઓળખાતો નથી. આ આત્મા કેવળજ્ઞાની છે, આ આત્મા મુનિ છે આ આત્મા ધર્માત્મા છે-એવી ખરી ઓળખાણ સ્વસંવેદન -પ્રત્યક્ષપૂર્વકના અનુમાનથી જ થાય છે. આવો જ આત્માનો અસાધારણ સ્વભાવ છે. આ ચોથા બોલમાં ઘણીઘણી ગંભીરતા છે.

વળી આત્મા પોતે પોતાના સ્વસંવેદન વગર બીજાને એકલા અનુમાનથી જાણે-એવો નથી. અંશે પ્રત્યક્ષપૂર્વકનું અનુમાન હોય-તે બરાબર હોય, પરંતુ પ્રત્યક્ષ વગરનું આત્માનું એકલું અનુમાન યથાર્થ હોતું નથી, જેમ ધૂમાડાથી અગ્નિનું અનુમાન થઇ શકે છે, તેમ ઈન્દ્રિય દ્વારા દેખાતા ચિહ્નવડે આત્માનું અનુમાન થઇ જાય-એમ બનતું નથી. અહા, સ્વસંવેદનથી સ્વને જાણ્યા વગર પરના આત્માનું અનુમાન પણ થઇ શકતું નથી. સ્વસંવેદન વગર બધું થોથેથોથાં છે.

આત્મા પ્રત્યક્ષજ્ઞાતા છે, એટલે લિંગદ્વારા (પાંચ ઇન્દ્રિયદ્વારા કે રાગદ્વારા) જાણનારો તે નથી, તે તો પ્રત્યક્ષ જાણનારો છે. ઇન્દ્રિયોથી ને રાગથી જાુદો પડયો તે જ આત્મા છે. અહા, એકેક બોલ ઓળખતાં આત્માનું રાગથી ને ઇન્દ્રિયોથી અત્યંત ભિન્નસ્વરૂપ ઓળખાય છે. ભાઈ, તું રાગથી ને ઇન્દ્રિયોથી જાુદો ન પડ તો આત્માનું પરમાર્થસ્વરૂપ તારા જ્ઞાનમાં કે અનુમાનમાં પણ નહીં આવે.

આત્મા ઉપયોગસ્વરૂપ છે, ઉપયોગ તેનું લક્ષણ છે; તે ઉપયોગલક્ષણ કેવું છે? -બાહ્યપદાર્થોના અવલંબને કામ કરે એવું તેનું સ્વરૂપ નથી, પણ આત્માના પરમ ચિદાનંદ સ્વભાવને વળગીને જે ઉપયોગ કામ કરે તે જ આત્માનું ખરું લક્ષણ છે. સ્વરૂપને અવલંબે એવો ઉપયોગ તે જ આત્મા છે, આત્મા સાથે એકતા કરે તે જ ઉપયોગ આત્મા છે. પરને અવલંબે તેને ખરેખર આત્માનું લક્ષણ કહેતા નથી.

**અહા, મુનિઓએ જંગલમાં બેઠા બેઠા અંતરમાં ઊંડા ઊતરીને ચૈતન્યરસના ઘોલન કર્યા છે,** સિદ્ધ સાથે વાતું કરી છે. એકેક બોલમાં આત્માના ગંભીર રહસ્યો ખોલીને અમૃતચંદ્રાચાર્યદેવે ખરેખર અમૃત રેડયા છે. સંતોએ અલૌકિક કામ કર્યા છે.

**જાુઓ, આ ગાથામાં સીમંધરનાથ પરમાત્માનો સાક્ષાત્ સન્દેશો લાવીને કુંદકુંદાચાર્યદેવ કહે છે કે હું ભગવાન પાસેથી આવો સન્દેશો લાવ્યો છું. જેને સુખ -શાંતિ જોઇતી હોય તેઓ આ સન્દેશ ઝીલીને જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં ઉપયોગને વાળો.** આત્માનું લક્ષણ જે ઉપયોગ, તે આત્માને જ અવલંબીને કામ કરે છે, બાહ્ય પદાર્થોનું અવલંબન તેને નથી, રાગનું પણ અવલંબન તેને નથી. જે ઉપયોગ અંતર્મુખ થઇને આત્માનું અવલંબન ન કરે ને બહિર્મુખપણે એકલા પરને જ અવલંબે,-તેને ખરેખર આત્માનો ઉપયોગ કહેતા નથી, કેમકે તે ઉપયોગમાં સ્વજ્ઞેયપણે આત્મા આવ્યો નથી. અરે જીવ! તારા ઉપ-

યોગને કોઇ પરજ્ઞેયનું અવલંબન નથી, પોતાના સ્વજ્ઞેયનું જ અવલંબન છે. આવા આત્માને તું જાણ! સ્વાલંબી ઉપયોગથી તારા આત્માને તું જાણ!

આત્મા પોતાના ઉપયોગ નામના લક્ષણને ક્યાંય બહારથી (નિમિત્તમાંથી) કે રાગમાંથી લાવતો નથી. આત્માનો ઉપયોગ બહારથી આવતો નથી એમ કહીને (આઠમા બોલમાં) અનુકૂળ નિમિત્ત આવે તો જ્ઞાન વધે એ માન્યતાનો નિષેધ કર્યો. અને નવમા બોલમાં આત્માના ઉપયોગને કોઇ હરી શકતું નથી એમ કહીને પ્રતિકૂળ નિમિત્તો આવે તો જ્ઞાન હણાઇ જાય-એ માન્યતાનો નિષેધ કર્યો. ધ્રુવસ્વભાવના ધ્યેયે આવેલો જે અતીન્દ્રિય ઉપયોગ તે એવો અપ્રતિહત છે કે કોઇ તેને હરી શકતું નથી, તેના વધતા વિકાસને કોઇ રોકી શકતું નથી. ઉપયોગ જ્યાં અંતરમાં વળ્યો, અને નિજસ્વભાવને જ કારણપણે સ્વીકારીને નિર્મળતાના હીલોળે ચડયો, ત્યાં તે ઉપયોગ પોતે સ્વયં હણાતો નથી, તેમ જ નિમિત્તપણે પણ તેને હણનાર આ જગતમાં કોઇ નથી.

ધર્મીની દ્રષ્ટિમાં ચૈતન્ય દોલતનો અપરંપાર સાગર ઉલ્લસે છે....ક્ષણેક્ષણે ચૈતન્યધ્યેયે તે વૃદ્ધિગત જ થઇ રહ્યો છે, ત્યાં તેને હણનાર કોણ છે? ચૈતન્યનો ઉપયોગ કોઇ બહારથી નથી આવ્યો કે બહારના કારણે તે હણાય. ઉપયોગનું ધામ આત્મા છે, તેમાંથી આવેલા ચૈતન્યના હીરને કોઇ હણી શકનાર નથી. ઉપયોગ જગતથી છૂટો પડીને ચૈતન્યમાં ગયો ત્યાં હવે નિર્મળતાની વૃદ્ધિ જ છે.

ભાઈ, તારો આત્મા આનંદથી ભરપૂર છે. તેમાં કોઇ ખામી નથી, માટે તારા ઉપયોગને વાળ અંતરમાં તો તને આનંદ થાય. અરે, તેં તારી ધીકતી ચૈતન્યસંપદાને ન જોઇ, ને બહારમાં ઝાંવા નાખ્યા, તેમાં તને કાંઇ શાંતિ ન મળી, માટે હવે એ બહારના વેગથી પાછો વળને ઉપયોગને લઇ જા તારા ચૈતન્યધામમાં. ચૈતન્યધામમાંથી પરમશાંતિનાં ઝરણાં આવશે. અમૃત વરસે રે ચૈતન્યધામમાં.

અહા, જેના ઉપયોગમાં સિદ્ધનાં ભેટા થયા તેના ઉપયોગને કોણ હણનાર છે? જેમ સિદ્ધને હણનાર કોઇ આ જગતમાં નથી, તેમ સિદ્ધ જેવા સ્વભાવને ભેટીને પ્રણમેલો જે નિર્મળ ઉપયોગ તેને પણ હણનાર કોઇ આ જગતમાં નથી. એ તો સિદ્ધપદનો સાધક થયો. તેને સિદ્ધપદ લેતાં કોઇ રોકી શકે નહિ. કોઇ ભંગ પાડી શકે નહીં.

અરે, સમ્યગ્દર્શન પામેલા તીર્યંચ જેવાને પણ ભલે જ્ઞાન થોડું હોય તોપણ, અંદરનો ચૈતન્યદરિયો ફાટીને તેમાંથી તે જ્ઞાન આવેલું છે. તે જ્ઞાન ક્ષણેક્ષણે વૃદ્ધિગત છે, સ્વભાવના આશ્રયે આવેલી તેની શ્રદ્ધા સિદ્ધભગવાન જેવી છે, તેનું જ્ઞાન કેવળજ્ઞાનીની જાતનું છે. એના વિકાસને કોઇ રોકનાર નથી. અને અજ્ઞાની જીવ ૧૧ અંગ ૯ પૂર્વ ભણ્યો હોય, પંચમહાવ્રત પાળતો હોય, પણ સ્વભાવના અવલંબન વગર, બહારના અવલંબને લાભ માનનાર તે અજ્ઞાનીની શ્રદ્ધા વિપરીત

છે, તેનું જ્ઞાન પણ બધુંય વિપરીત છે, તેનું ચારિત્ર પણ એકલું રાગરૂપ હોવાથી સંસારનું જ કારણ છે. સંસારને માટે તેનું બધુંય સફળ છે, ધર્મને માટે નિષ્ફળ છે. ઉપયોગની ખાણ તો ચૈતન્યધામ છે, તે ચૈતન્યધામ તરફ વળ્યા વગર ઉપયોગમાં સત્યપણું થાય નહીં, ને દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સમ્યક્પણું આવે નહિ.

બહારથી મારો ઉપયોગ આવે–એમ માનનારો જીવ અજ્ઞાનભાવે પોતે જ પોતાના ઉપયોગને હણી રહ્યો છે. મારા ઉપયોગને કોઇ આવીને હણી જશે, જગતની તીવ્ર પ્રતિકૂળતા આવશે તો મારો ઉપયોગ હણાઇ જશે એવો જેને સંદેહ છે તેનો ઉપયોગ ચૈતન્યધામ તરફ વળેલો જ નથી.

મારો આત્મા જ ઉપયોગસ્વરૂપ છે–એવા ભાનપૂર્વક ચૈતન્યધામના આશ્રયે અંદરથી જ્યાં નિર્મળ ઉપયોગ પ્રગટયો ત્યાં જ્ઞાની ધર્માત્મા નિઃશંક છે કે અમારો આ ઉપયોગ કયાંય બહારથી નથી આવ્યો. અંદરથી આવેલા અમારા આ નિર્મળ ઉપયોગને જગતની ગમે તેવી પ્રતિકૂળતા પણ હણી શકે નહીં....એ તો અપ્રતિહતપણે વૃદ્ધિગત થતા થતા કેવળજ્ઞાન લીધેજ છૂટકો.

## ગૃહસ્થાશ્રમમાં યોગી
## એને ઓળખે તે વૈરાગી

“યોગ જાણીને તો આખું જગત ભક્તિ કરે છે પણ ગૃહસ્થાશ્રમમાં યોગદશા છે, તે જાણીને ભક્તિ કરવી એ વૈરાગ્યનું કારણ છે. ગૃહસ્થાશ્રમમાં સત્પુરુષ રહે છે તેનો ચિત્રપટ જોઇ વિશેષ વૈરાગ્યની પ્રતીતિ થાય છે.

યોગદશાનો ચિત્રપટ જોઇ આખા જગતને વૈરાગ્યની પ્રતીતિ થાય પણ ગૃહસ્થાશ્રમમાં રહેતાં ત્યાગ–વૈરાગ્ય યોગદશા જેવા રહે છે–એ કેવી અદ્‌ભુત દશા છે! યોગમાં જે વૈરાગ્ય રહે તેવો અખંડ વૈરાગ્ય સત્પુરુષ ગૃહસ્થાશ્રમમાં રાખે છે. તે અદ્‌ભુત વૈરાગ્ય જોઇ મુમુક્ષુને વૈરાગ્ય, ભક્તિ થવાનું નિમિત્ત બને છે. લૌકિકદ્રષ્ટિમાં વૈરાગ્ય, ભક્તિ નથી.”

(ગૃહસ્થાપણામાંય જ્ઞાનીના અદ્‌ભુત વૈરાગ્યનું દર્શન કરાવનારા આ વચનામૃત કોનાં હશે,એ તો જિજ્ઞાસુઓ સહેલાઇથી ઓળખી જશે.)

## હે જીવ ! તું જાગ

આચાર્યદેવ કહે છે કે હે જીવો! અનાદિથી સૂતા....હવે તો જાગો....આ જાગવાનો અવસર આવ્યો છે....શુદ્ધ નિજપદની પ્રાપ્તિનો આ અવસર આવ્યો છે. શુદ્ધ ચૈતન્ય-આનંદધામ તમારું સ્વઘર છે, તેમાં વાસ કરો....રાગ તે તમારું નિવાસધામ નથી. આમ કહીને, વિભાવના વેગે દોડતા પ્રાણીઓને હાકલ કરીને સંતોએ થંભાવી દીધા છે કે અરે જીવો! રૂક જાવ....એ વિભાવના માર્ગેથી પાછા વળો....ને સ્વભાવના માર્ગે આ શુદ્ધ ચૈતન્યપદમાં આવો.

કા. વ. ૩ના રોજ શેઠ મોહનલાલ વાઘજીભાઈ (મોરબીવાળા)ના મકાન 'વૈરાગ્યભુવન'ના વાસ્તુ પ્રસંગે ગુરુદેવના પ્રવચનમાંથી. (સમયસાર કળશ ૧૩૮)

આચાર્યદેવ કહે છે કે હે જીવો! તમે જાગીને આત્માના શુદ્ધ સ્વરૂપને દેખો. ઉપયોગસ્વરૂપ આત્માનો અનુભવ જેને નથી તે અંધ છે. ભલે બહારની આંખો હોય ને શાસ્ત્રો વાંચતો હોય, તો પણ રાગથી ભિન્ન શુદ્ધાત્માને અંતરમાં સ્વાનુભવથી જે દેખતો નથી તે અંધ છે. તેને જગાડવા કરુણાથી સંબોધન કરીને આચાર્યદેવ કહે છે કે અરે અંધ પ્રાણીઓ! જ્ઞાન-આનંદના સ્વભાવથી ભરેલો પૂર્ણ આત્મા છે તેને ભૂલીને, રાગાદિનો જ અનાદિ સંસારથી માંડીને તમે અનુભવ કરી રહ્યા છો, એ રાગમાં જ સદાય મત્ત થઇ રહ્યા છો; પણ એ તો અપદ છે, અપદ છે, તમારું ચૈતન્યપદ એ નથી. નિજ ચૈતન્યપદને ભૂલીને મનુષ્યાદિ ભવોમાં, તે તે શરીરમાં, ને રાગાદિ પરભાવોમાં તમે મત્ત થયા છો, મતવાલા-ગાંડા થયા છો; જેમ મદ્ય પીને દારૂડીયો માણસ મતવાલો થાય ને જ્યાં ત્યાં અશુદ્ધતામાં પડ્યો રહે તેમ તમે નિજપદને ભૂલીને મોહ-મદિરાથી મતવાલા થઇને દારૂડીયાની જેમ રાગાદિ અશુદ્ધતામાં જ નિજપદ માનીને સૂતા છો....અનાદિથી એમાં સૂતા,-પણ હવે તો જાગો....આ જાગવાનો અવસર આવ્યો છે, શુદ્ધ નિજપદની પ્રાપ્તિનો આ અવસર આવ્યો છે. રાગાદિ તો અશુદ્ધ છે, તે તમારું નિજપદ નથી, તે તમારું સ્વઘર નથી, તેમાં તમારું વાસ્તુ નથી; શુદ્ધચૈતન્યનું બનેલું આનંદધામ અનંતગુણનું ઘર છે તે જ તમારું નિજપદ છે, તે જ તમારું સ્વઘર છે, તેમાં જ તમારું ખરું વાસ્તું છે.

જુઓ, અહીં આચાર્યદેવ ભેદજ્ઞાન કરાવીને જગાડે છે. એક સેકંડ પણ આવું ભેદજ્ઞાન કરે તો સંસારનો અંત આવી જાય ને અલ્પકાળમાં મોક્ષ પામે.

આચાર્ય ભગવાન કરુણાથી કહે છે કે : એકત્વબુદ્ધિમાં સૂતેલા હે અજ્ઞાની જીવો! તમે જાગો! તમે સાવધાન થાઓ....ને રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માને દેખો. રાગને જ ચૈતન્યપદ સમજીને તેમાં એકત્વબુદ્ધિથી અંધ થઇને અનાદિથી તમે સૂતા છો,-રાગમાં જ લીન છો, પણ એ રાગ ખરેખર તમારું પદ નથી; રાગ તો અપદ છે-અપદ છે; તમારું પદ તો ચૈતન્ય છે. જેમ રાજાનું સિંહાસન સોનાનું બનેલું હોય તેને ભૂલીને તે અશુદ્ધ ઉકરડામાં પોતાનું આસન માને તો તે ગાંડપણ છે, તેમ આ ચૈતન્યરાજા-જગતનો સર્વોત્તમ પદાર્થ-તેનું સિંહાસન એટલે તેનું નિજપદ તો શુદ્ધચૈતન્યનું બનેલું છે. તેને ભૂલીને અશુદ્ધ રાગાદિ ભાવોમાં તે પોતાનું પદ માને છે તે ભ્રાંતિ છે-પાગલપણું છે. અનાદિથી આ રીતે રાગાદિને પોતાનું પદ માનીને પરભાવમાં જીવ સૂતો; તેને રાગ અને જ્ઞાનના ભેદજ્ઞાન દ્વારા શુદ્ધ ચૈતન્યપદ બતાવીને આચાર્યદેવ કહે છે કે હે જીવો! હવે તો તમે જાગો! આ તમારું ચૈતન્યપદ રાગથી જુદું અમે બતાવ્યું, હવે તો રાગ સાથે એકતાબુદ્ધિ છોડીને આ ચૈતન્યપદને અનુભવો.

રાગમાં લીનતાથી તો અનંતકાળ પરિભ્રમણમાં કાઢયો....હવે તો તેનાથી પાછા વળો....ને આ ચૈતન્યપદ તરફ આવો. ગમે તેવો શુભ વિકલ્પ હો-પણ તેના વડે કાંઇ ચૈતન્યપદ પમાતું નથી. ચૈતન્યનું સ્થાન વિકલ્પમાં નથી. રાગથી મને કિંચિત્ લાભ થશે એમ માનનારા જીવો મિથ્યાત્વભાવમાં સૂતેલા છે, અંધ છે; પોતાના ચૈતન્યપદને તેઓ દેખતા નથી; અપદને જ સ્વપદ માનીને તેઓ સૂતા છે. ભલે અનેક શાસ્ત્રો ભણ્યા હોય, ભલે પંચમહાવ્રત પાળતો હોય, પણ સ્વપદ શું છે તેની જેને ખબર નથી, ને રાગના પદથી આત્માની પ્રાપ્તિ કરવા મથે છે, તેને આચાર્યદેવ કરુણાથી સમજાવે છે કે અરે જીવો! આ અનંતકાળના અંધપણાને હવે છોડો. અમે તમને તમારું નિજપદ રાગથી અત્યંત જુદું બતાવ્યું તેને તમે દેખો....જાગો.....જાગીને નિજપદને દેખો.

અણુમાત્ર રાગને આત્મામાં લાભદાયક માને તો તે જીવ આત્માને રાગમય જ જાણે છે, પણ ચૈતન્યમય જાણતો નથી, એટલે પરભાવને જ આત્મા માનીને પરભાવમાં તે સૂતો છે....ભેદજ્ઞાનની ભેરી વગાડીને આચાર્યદેવ તેને જગાડે છે....જ્ઞાનીઓ જગાડે છે....કે હે જીવ! તારો આત્મા ચૈતન્યમય છે, તારો આત્મા રાગમય નથી. આત્માના અંતર્સ્વભાવની સન્મુખ થઇને જે નિજપદનું વેદન થયું તે જ્ઞાનમય છે, તેમાં રાગ નથી. રાગાદિ પરભાવો તો અસ્થાયી છે, મલિન છે, ને તારો ચૈતન્યસ્વભાવ તો સ્થાયી અને પવિત્ર છે. આવા નિજભાવને તું દેખ; અને પરભાવોને જુદા દેખ. તારા જ્ઞાનનો સ્વાદ (અનુભવ) રાગથી તદ્ન જુદી જાતનો છે. રાગનો ને જ્ઞાનનો એકમેકસ્વાદ નથી. આમ સમજીને અરે જીવ! તું આ તારા ચૈતન્યપદ તરફ આવ. ચૈતન્યપદ તરફ આવ...ફરીફરીને બે વાર કહેવામાં આચાર્યદેવની અતિ કરુણા છે, કે કોઇ પણ રીતે જીવ સમજે. જેમ માર્ગ ભૂલેલા માનવીને કોઇ સજ્જન સાદ પાડી

પાડીને બોલાવે કે હે ભાઈ! એ માર્ગ ખોટો છે, તમે આ તરફ આવો....તમારો માર્ગ આ છે–આ છે. તેમ રાગ સાથે એકત્વબુદ્ધિથી મોક્ષનો માર્ગ ભૂલેલા જીવોને આચાર્યદેવ ફરીફરીને કરુણાપૂર્વક સંબોધન કરીને જગાડે છે કે અરે જીવો! રાગથી પાછા વળો – પાછા વળો....એ તમારો માર્ગ નથી, એ તમારું પદ નથી....માટે આ તરફ આવો....આ તરફ આવો....આ શુદ્ધ ચૈતન્યમય પદ છે તે જ તમારું પદ છે. અહા, સંતો આવું અચિંત્યમહિમાવંત નિજપદ દેખાડે છે. નિજપદને નહિ દેખનારા જીવોને અંધ કહીને આચાર્યદેવ તે અંધપણું છોડાવે છે....ને નિજપદ દેખાડીને સાચી દ્રષ્ટિ આપે છે.

ભાઈ, વિકલ્પવડે તારા સમ્યગ્દર્શનાદિની પર્યાય રચાતી નથી, વિકલ્પવડે ચૈતન્યની શાંતિનું વેદન થતું નથી, વિકલ્પવડે નિજપદને દેખી શકાતું નથી. માટે વિકલ્પથી ઉપયોગને ભિન્ન કરીને નજરને અંતરમાં વાળો....ને વિકલ્પથી ભિન્ન નિજપદને દેખો. આ નિજપદ ચૈતન્યમય છે, ને નિજરસથી અતિશય ભરેલું છે. અરે ભગવાન! તારા નિજપદને તું ભૂલ્યો....ને અંધ થઈને રાગમાં સૂતો. હવે સમયસારવડે તને રાગ અને ચૈતન્યની અત્યંત ભિન્નતા અમે બતાવી; માટે હવે તો આવું ભેદજ્ઞાન કરીને તું જાગ! અંતર્મુખ થઈને તારા નિજપદને હવે તો દેખ.

અહા, શુદ્ધ ચૈતન્યનું બનેલું આ નિજપદ શુદ્ધ છે–અત્યંત શુદ્ધ છે; પરદ્રવ્યો ને પરભાવોથી તે રહિત છે, અને નિજરસથી તે ભરેલું છે. આવા શુદ્ધ–શુદ્ધ નિજપદને હે જીવો! તમે અનુભવો.

અનાદિથી અજ્ઞાનભાવે રાગમાં જ નિશ્ચિંતપણે સૂતા છો, એટલો વિચાર પણ નથી આવતો કે અરે, આ રાગ તો મારું પદ કેમ હોય? રાગની રુચિ આડે આંધળા થઈને નિજપદને ભૂલી ગયા છે. આવા અજ્ઞાનીઓને આચાર્યદેવ જગાડે છે. જાગો....ભાઈ.....જાગો! ભેદજ્ઞાન કરીને નિજપદને સંભાળો! સાવધાન થઈને રાગ અને જ્ઞાનને જુદા ઓળખો.

ચૈતન્યને ભૂલીને પરભાવની ચાદર ઓઢીને મોહનિદ્રામાં સૂતો છે ને વિષયોમાં સુખબુદ્ધિરૂપ સ્વપ્નામાં રાચે છે; જેમ સ્વપ્નમાં બંગલા વગેરે દેખે પણ તે કાંઈ સાચા નથી, તેમ બાહ્યવિષયોમાં જીવ સુખ માને છે તે પણ સ્વપ્નસમાન જ છે. રાગાદિ ભાવોમાં તારા ચૈતન્યનો અંશ પણ નથી. અરે જીવ! હવે તું જાગ....હવે તું સમજ! તારા નિજપદની મહત્તાને તું સમજ. જેમ રાજા પોતાનું રાજસિંહાસન છોડીને ઉકરડામાં સૂએ તે શરમ છે, તેમ તું અનંતગુણોનો ચૈતન્યરાજા, તારા શુદ્ધચૈતન્યના રાજસિંહાસનને ભૂલીને તું પરભાવોના ઉકરડામાં સૂતો, એ શરમ છે. એવી અંધબુદ્ધિને તું છોડ.....જાગૃત થા....ને પરભાવોથી ભિન્ન તારા શુદ્ધ ચૈતન્યને તું દેખ. ભાઈ, તું તો સિદ્ધભગવાન જેવો છે–

**સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;**
**સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા નિમિત્ત કારણમાંય.**

-આવા નિજપદને ઓળખીને હવે અનાદિની અણસમજણને છોડો. અજ્ઞાનના ફળમાં નિગોદનું મોટું સ્થાન છે, તત્ત્વજ્ઞાનની વિરાધનાનું ફળ મહા દુઃખ નિગોદ છે; ને તત્ત્વજ્ઞાનની આરાધનાનું ફળ મહાન સિદ્ધપદ છે. એક ક્ષણ પણ તત્ત્વજ્ઞાનની આરાધના કરે તો અલ્પકાળમાં અનંતસુખથી ભરેલું સિદ્ધપદ પામે. ભાઇ, આવું સિદ્ધપદ તારા આત્મામાં ભર્યું છે, તે જ તારું ખરું નિજપદ છે; પરભાવોની રમતો તે તારી રમત નથી. જેમ માછલા વગેરે જીવોની હિંસા થાય એવી રમત આર્ય-સજ્જન માણસની ન હોય, તેમ જેમાં ચૈતન્યની શાંતિ હણાય એવા પરભાવોની રમતમાં રાચવું તે હે ભાઈ! તારું કામ નથી. એ પરભાવમાં રાચવાનું તું છોડ....ભાઈ! એકવાર તો તું તારું સ્વરૂપ સમજ....એ પરભાવોથી પાછો ફર ને આ તરફ આવ....આ તરફ આવ! તારી પરિણતિના વેગને પરભાવ તરફ વળ્યો છે ત્યાંથી પાછો વાળીને અંતરના સ્વભાવ તરફ વાળ.

અહા, જુઓ તો ખરા! સંત મુનિઓએ પડકાર કરીને જીવોને થંભાવી દીધા છેઃ અરે જીવો! થંભી જાવ....થંભી જાવ! એ પરભાવોમાં સ્વપ્નેય તમારી શાંતિ નથી. શાંતિનું ધામ ચૈતન્યમાં છે. હરણીયાં મૃગજળ તરફ દોડે તેમ તમે બાહ્યવિષયોરૂપી મૃગજળ તરફ દોડી રહ્યા છો, એ રાગાદિ પરભાવો પણ મૃગજળ જેવા છે, તેમાં કયાંય શાંતિનું ઝરણું નથી. શાંતિનું ઝરણું ચૈતન્યધામમાં છે, તેમાં આવો....તેમાં વળો. અરે, આવા ચૈતન્યની ઓળખાણ પણ દુર્લભ છે, તેમાં લીનતારૂપ સંયમદશા તો બહુ જ દુર્લભ છે. સંયમદશા ને મુનિદશા જેણે પ્રગટી તેણે તો પરમાત્માના ઘરમાં પ્રવેશ કર્યો. સમ્યગ્દર્શન થયું ત્યાં પોતાના અંતરમાં પરમાત્માનું ઘર દેખ્યું. તેણે નિજઘરમાં વાસ કર્યો. આવું નિજઘર બતાવીને આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! આ શુદ્ધ ચૈતન્યધાતુ છે તે જ તારું પદ છે, તે જ તારું વાસ્તુ છે, તે જ તારું રહેઠાણ છે, તેમાં નિવાસ કર. રાગ તારું પદ નથી, રાગ તારું રહેઠાણ નથી. જુઓ, આ આચાર્યદેવ સ્વઘરમાં અપૂર્વ વાસ્તુ કરાવે છે. પુણ્યમાં-રાગમાં જે વાસ્તુ માને તે તો ઘોર સંસારમાં હીંડે છે, સંસારમાં ભ્રમણ કરે છે. આચાર્યદેવ પ્રવચનસાર ગાથા. ૭૭ માં કહે છે કે પુણ્ય અને પાપમાં કાંઈ ફેર નથી -એમ જે જીવ નથી માનતો ને મોહથી પુણ્યમાં સુખ માને છે, પુણ્યમાં ધર્મ માને છે, તે જીવ મોહને લીધે ઘોર-અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે. તેને અહીં જગાડીને આચાર્યદેવ કહે છે કે તારું નિજપદ પુણ્યપાપ બન્નેથી રહિત છે તેને તું દેખ. તારી રુચિના વેગને અંતરમાં વાળ. જેમ રણે ચડેલા રજપૂતનું શૌર્ય છૂપે નહિ તેમ ચિદાનંદને અનુભવનારા જ્ઞાનીનાં જ્ઞાન છૂપે નહિ. આત્માને સાધવા માટે શૂરવીર થઇને જે જાગ્યો તેનો ઉત્સાહ છૂપે નહિ. જ્યાં આત્માને સાધવા જાગ્યો ત્યાં અનાદિકાળની ઊંઘ ક્ષણમાત્રમાં દૂર થઇ જાય છે. અહા, સંતોની વાણી! કુંભકર્ણ જેવાનેય ઊંઘમાંથી જગાડી દે છે. (કુંભકર્ણની ઊંઘ છ માસની

કહેવાય છે તે માત્ર અલંકાર છે; રાજા રાવણના ભાઈ કુંભકર્ણ ધર્માત્મા હતા ને બડવાની-ચૂલગિરિ પરથી તે મોક્ષ પામ્યા છે.) અંતરદ્રષ્ટિથી જીવ જ્યાં જાગ્યો ત્યાં અનંતકાળનું અજ્ઞાન ક્ષણમાત્રમાં જ દૂર થઇ જાય છે. જેમ ઘણાં વખતનું અંધારું પ્રકાશ થતાંવેંત તત્ક્ષણ જ દૂર થઇ જાય છે, લાંબા વખતના અંધારાને ટાળવા માટે કાંઇ લાંબા વખતની જરૂર પડતી નથી, તેમ અનાદિકાળનું અજ્ઞાન પણ સમ્યગ્જ્ઞાનવડે એક ક્ષણમાં જ દૂર થઇ જાય છે,-

**કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં શમાય,**

**તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય...**

જ્ઞાનપ્રકાશ થયો ને આત્મા જાગ્યો ત્યાં તેની જ્ઞાનદશા છાની રહે નહિ. તે પોતાના ચૈતન્યપદને અનેક પ્રકારના પરભાવોથી જુદું જ દેખે છે. આવી સ્વાનુભૂતિ થઇ ત્યાં આત્મા જાગ્યો.....તે મોક્ષનો સાધક થયો....તે ધર્મી થયો.....તેણે નિજપદ પ્રાપ્ત કર્યું ને સ્વઘરમાં વાસ્તુ કર્યું.

**હવે, આવી સરસ વાત સાંભળીને, નિજપદની પ્રાપ્તિનો જિજ્ઞાસુ શિષ્ય પૂછશે કે હે પ્રભો! તે પદ કયું છે?-ને આચાર્યદેવ એવા જિજ્ઞાસુ શિષ્યને નિજપદનું સ્વરૂપ બતાવશે.**

卐

## સુખનો માર્ગ

આત્મા પોતે નિજસ્વરૂપથી જ સુખરૂપ છે.....એટલે નિજસ્વરૂપમાં રહેવું તે જ સુખ છે. નિજસ્વરૂપથી બહાર નીકળીને કાંઇપણ પરભાવના ગ્રહણની વૃત્તિ તે દુઃખ જ છે. અજ્ઞાનીઓ પરના ગ્રહણમાં સુખ માને છે, જ્ઞાની કહે છે કે ભાઈ, પરના ગ્રહણની વૃત્તિથી તારા સુખનો નાશ થાય છે. શ્રીમદ્ રાજચંદ્ર આ વાત સરળ શૈલીથી સમજાવતાં કહે છે કે-

“ સર્વ જગતના જીવો કંઇને કંઇ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ-પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે, અને મેળવવામાં સુખ માને છે. પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્ માત્ર પણ ગ્રહવું-એ જ સુખનો નાશ છે.” (૮૩૨)

# નિજ પદની પ્રાપ્તિ

નિજપદની પ્રાપ્તિનો જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે હે ગુરુદેવ! તે પદ કયું છે? તે મને બતાવો! આવા જિજ્ઞાસુ શિષ્યને આચાર્યદેવ નિજપદ બતાવે છે–

**જીવમાં અપદભૂત દ્રવ્યભાવો**
**છોડીને ગ્રહ તું યથા,**
**સ્થિર, નિયત, એક જ ભાવ**
**જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ.**

હે ભવ્ય! જીવમાં અપદભૂત–એટલે કે જીવના સ્વભાવમાં નહિ એવા જે પરદ્રવ્યો અને પરભાવો તેમને છોડીને, નિજ સ્વભાવરૂપે અનુભવાતા એવા આ પ્રત્યક્ષ અનુભવગોચર સ્થિર ચૈતન્યભાવને તું નિજપદપણે ગ્રહણ કર. એ તારું પદ છે.

આ ભગવાન આત્મામાં જે ઘણા ભાવો છે તેમાં જે રાગાદિભાવો છે તે તો અતત્‌સ્વભાવે અનુભવાય છે, એકરૂપ રહેનારા નથી, ક્ષણિક છે, ભેળસેળવાળા છે, ને અસ્થિર છે, તેથી, તે તારું સ્થાન થઇ શકે તેવા નથી, જીવને માટે તે અપદભૂત છે. જ્ઞાનાદિભાવો આત્મામાં તત્‌સ્વભાવે અનુભવાય છે. આત્માનો અનુભવ કરતાં રાગાદિભાવો તો બહાર રહી જાય છે ને ચૈતન્યભાવ અભેદપણે અનુભવાય છે. જે અભેદપણે અનુભવાય છે તે જ નિજપદ છે, ને જે ભિન્નપણે અનુભવાય છે તે નિજપદ નથી પણ અપદ છે. અહો, નિજપદરૂપ જ્ઞાન તો પરમાર્થરસપણે સ્વાદમાં આવે છે. નિર્વિકલ્પ અનુભવ થયો ત્યાં નિજપદના પરમાર્થસ્વાદનો રસ ચાખ્યો.....જગતના રસ કરતાં જુદી જાતનો પરમાર્થરસ નિજપદના અનુભવમાં જ્ઞાની આસ્વાદે છે.

અહો, અંદરમાં પરભાવોને અને સ્વભાવને જુદા પાડીને તું દેખ તો તને તારા પરમાર્થરસનો સ્વાદ અનુભવમાં આવશે. સ્વસન્મુખ ઉપયોગમાં જે અભેદપણે અનુભવાય તે જ તારું નિજપદ છે, ને ઉપયોગથી ભિન્નપણે જે રહી જાય–તે નિજપદથી બહાર છે,–અપદ છે. આત્માના આવા નિજપદને જ્ઞાનીઓ આસ્વાદે છે.

આચાર્યદેવ કહે છે કે અહો, આ નિજપદ સમસ્ત વિપત્તિઓનું અપદ છે, નિજપદમાં કોઇ વિપત્તિનું સ્થાન નથી; નિજપદ નિર્ભય છે; અને આ નિજપદ પાસે બીજા બધા પદો અપદરૂપ જ ભાસે છે. રાગનો એક વિકલ્પ પણ ચૈતન્યના નિજપદ પાસે અપદ છે,

ચૈતન્યપદમાં તેનો પ્રવેશ નથી. જ્ઞાયકભાવરૂપ જે આ નિજપદ છે તેને જ તું નિજપણે અનુભવમાં લે. હે ભવ્ય! આવું તારું નિજપદ અમે તને પ્રગટ બતાવ્યું, તેને તું અંગીકાર કર....અનુભવમાં લે.

ચૈતન્યસ્વરૂપના રસીલા સ્વાદ આગળ અન્ય રસ ફિક્કા લાગે છે. જ્ઞાનના વિશેષોને અંતર્મુખ કરીને સ્વભાવની એકતામાં જે અતીન્દ્રિય ચૈતન્યરસનું વેદન થયું તેમાં બીજા રાગાદિના સ્વાદનો અભાવ છે. આવા જ્ઞાનનું વેદન તે જ મોક્ષનો ઉપાય છે. મતિજ્ઞાન હો કે શ્રુતજ્ઞાન હો, કે જ્ઞાનના અનેકભેદો હો....પણ તે બધાય સ્વસન્મુખપણે જ્ઞાનપદને જ અભિનન્દે છે. ભગવાન આત્મા અદ્ભુત નિધિવાળો ચૈતન્યરત્નાકર છે, સ્વાનુભવમાં તેના જ્ઞાન તરંગ ઊછળે છે. અંતરદ્રષ્ટિ થઇ ત્યાં પર્યાયે પર્યાયે જ્ઞાનસ્વભાવમાં એકતા જ થતી જાય છે; રાગ તૂટતો જાય છે, ને જ્ઞાનની એકતા વધતી જાય છે. માટે જ્ઞાનને અંતર્મુખ કરીને આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ અવલંબન કરવું.

*** જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવાથી જ નિજપદની પ્રાપ્તિ થાય છે.**

*** જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવાથી જ ભ્રાંતિનો નાશ થાય છે.**

*** જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવાથી જ આત્માનો લાભ થાય છે.**

*** જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવાથી જ અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે.**

*** જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવાથી જ કર્મ જોરદાર થઇ શકતું નથી.**

*** જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવાથી રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી.**

*** જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવાથી ફરી કર્મ આસ્રવતું નથી.**

*** જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવાથી ફરી કર્મ બંધાતું નથી.**


*** જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવાથી જ પૂર્વે બંધાયેલું કર્મ નિર્જરી જાય છે.**

*** જ્ઞાનસ્વભાવનું અવલંબન કરવાથી જ સમસ્ત કર્મોના અભાવરૂપ મોક્ષ થાય છે.**

-આ રીતે સમસ્ત નિજપદની પ્રાપ્તિ,ને પરપદનો પરિહાર જ્ઞાનસ્વભાવના અવલંબને જ થાય છે. આવું જ્ઞાનસ્વભાવના અવલંબનનું માહાત્મ્ય જાણીને હે ભવ્ય! તું તારા જ્ઞાનસ્વભાવરૂપ નિજપદને ગ્રહણ કર....

બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે;
રે! ગ્રહણ તું નિયત આ, જો કર્મ-મોક્ષેચ્છા તને.
આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.

# વૈરાગ્યનું અમરઝરણું




હે પરમવૈરાગી, અડગ સાધક, ઉત્કૃષ્ટ આત્મધ્યાની બાહુબલીનાથ! કહાનગુરુદેવની સાથે આપશ્રીની પરમવૈરાગી ધ્યાનમુદ્રાના દર્શન કરતાં આપશ્રીની પરમ આત્મસાધના અમારા હૃદયમાં કોતરાઇ ગઇ છે....કહાનગુરુદેવ સાથે ફરીથી થનારી આપશ્રીની મહા મંગલ યાત્રા સર્વે યાત્રિકોના જીવનમાં આત્મહિતની પ્રેરણાનું એક અમરઝરણું બની જશે...અને ફરીફરીને-જીવનની પ્રતિ ક્ષણે-આપની પાવન ધ્યાનમુદ્રાના સ્મરણમાત્રથી પણ યાત્રાનું એ અમરઝરણું અમને શાંતિ આપીને સંસારના તાપથી બચાવશે....ને આપના જેવું મોક્ષસુખ પમાડશે. પ્રભો! આપની પરમ ધ્યાનમુદ્રા મૌન હોવાં છતાં જાણે કે આપના આત્મપ્રદેશોમાંથી વૈરાગ્યના રણકાર ઊઠી રહ્યા છે કે...

મને લાગે વિભાવ અસાર...એ રે વિભાવમાં નહીં જાઉં....નહીં જાઉં....નહીં જાઉં રે..

મને જ્ઞાયક ભાવનો પ્યાર..એ રે જ્ઞાયકમાં હું લીન થાઉં...લીન થાઉં..લીન થાઉં રે...

# પોન્નૂરનું અભિનન્દનપત્ર





સં. ૨૦૧૫ માં દક્ષિણદેશની તીર્થયાત્રા દરમિયાન અનેક શહેરોની જૈન જનતા તરફથી પૂ. ગુરુદેવને અભિનંદનપત્રો અર્પણ થયા હતા. આ બધા અભિનંદનપત્રો આત્મધર્મમાં પ્રગટ કરવાનું નક્કી થયેલું, તે અનુસાર ૨૬ જેટલા અભિનંદનપત્રો અત્યારસુધીમાં પ્રગટ થયા છે; બાકીનાં પણ ક્રમશઃ પ્રગટ થશે. દક્ષિણ–તીર્થધામોની યાત્રામાં કુંદકુંદપ્રભુની પાવન તપોભૂમિ **પોન્નૂર**ની યાત્રાથી ગુરુદેવને ઘણો જ પ્રમોદ થયો હતો. આજે પણ અવારનવાર તેઓશ્રી પોન્નૂરને ઘણા જ ભક્તિભાવપૂર્વક યાદ કરે છે–જાણે કે અત્યારે જ કુંદકુંદાચાર્યદેવ ત્યાં વિચરતા દેખાતા હોય!! ગુરુદેવ જ્યારે પોન્નૂરયાત્રાનું ભાવભીનું વર્ણન કરે છે ત્યારે મુમુક્ષુ શ્રોતાઓની નજરસમક્ષ કુંદકુંદાચાર્યદેવનો તાદશ ચિતાર ખડો થઇ જાય છે. જેમ આપણને ગુરુદેવ સાથે એ પાવનભૂમિની યાત્રાથી મહાન આનંદ થયો, તેમ એ તામિલદેશના જૈનસમુદાયને પણ કુંદકુંદાચાર્યદેવના મહાન ઉપાસક એવા કાનજીસ્વામીને પોતાના દેશમાં પધારેલા જોઇને ઘણો જ આનંદ થયો હતો. તામિલ અને ગુજરાતી એકબીજાની ભાષા સમજ્યા વગર પણ ગુરુદેવ પ્રત્યે કેટલો મહાન પ્રેમ ત્યાંના સમાજે બતાવ્યો છે તે તેઓએ આપેલા અભિનંદનપત્રમાં દેખાઇ આવે છે–જે વાંચતા આજે પણ આપણને આનંદ થાય છે અને જાણે કે એ દેશ સાથે આપણો ચિરપરિચિત સંબંધ હોય એવી ઉર્મિઓ ઉદ્ભવે છે. ગુરુદેવ પોન્નૂર પધાર્યા ત્યારે (તા. ૧૪–૩–૫૯ના રોજ) એક જ દિવસમાં છ અભિનંદનપત્ર ત્યાંના જૈનસમાજે અર્પણ કર્યા હતા. તેમાંથી પોન્નૂર–જૈનસમાજદ્વારા તામિલભાષામાં અપાયેલા એક અભિનંદનપત્રનો ગુજરાતી અનુવાદ અહીં (સામા પાને) પ્રગટ કરવામાં આવ્યો છે. (તામિલભાષાના અભિનંદનપત્રનો નમુનો જોવો હોય તેમણે આત્મધર્મ અંક ૧૯૯ માં જોઇ લેવો.)

## સોનગઢ શ્રી કાનજી સ્વામીજી

**શ્રી કુંદકુંદાચાર્યના દિવંગતધામ પોન્નૂરપહાડ પર**

**તા. ૧૪-૩-૫૯ને શનિવારના રોજ પધાર્યા તે સમયે પોન્નૂરના**

**જૈનસમાજદ્વારા સાચા પ્રેમથી દેવામાં આવેલું-**

# સ્વાગત પત્ર



**હે સમયસાર-વ્યાખ્યાતા શ્રી કાનજીસ્વામી!**

'પધારો! પધારો!! પધારો!!!'-આ પ્રમાણે મહાન પ્રેમથી આપનું સ્વાગત કરીએ છીએ. આપણા ભારતદેશનો પુરાતનધર્મ-જે જૈનધર્મ-તે એક જમાનામાં અહીં અદ્વિતીયપણે ચમકી રહ્યો હતો, શ્રી કુંદકુંદાચાર્ય, સમન્તભદ્રાચાર્ય ઇલંગોવડિકલ, તિરુતક્કદેવર, ભવનંદિમુનિ, તોલામોલિદેવર જેવા જૈનધર્મના સ્તંભભૂત આચાર્યવરોએ જન્મ લઇને પવિત્ર કરેલા અમારા તામિલપ્રાંતમાં પધારેલા આપનું શ્રદ્ધાપૂર્વક સ્વાગત કરીએ છીએ.

**ધર્મોપદેશ દેનારા હે ધર્માત્મા !**

આપે શ્રી કુન્દકુન્દાચાર્યના સમયસાર તત્ત્વગ્રંથવડે નવો વિકાસ, નવી પ્રતિભા, નવી સ્થિતિ વગેરે પ્રાપ્ત કર્યા છે. આપે ભગવાન ઋષભદેવના સદ્ધર્મની સાચી વસ્તુ જે સમયસાર છે-તેના ઊંડાણમાં (હાર્દમાં) પહોંચીને તેનાથી સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યું છે અને આપે પોતે પ્રાપ્ત કરેલા સમ્યગ્જ્ઞાનનો આખા દેશમાં પ્રચાર પણ કરી રહ્યા છો. આપની પ્રતિભા તથા પ્રવચનશૈલીથી હજારો લોકો સાચા માર્ગ પર આરૂઢ થઇને સમ્યગ્જ્ઞાની બની રહ્યા છે. આપના આ ચમત્કારયુક્ત કાર્યને દેખીને દુનિયા ચકિત બની રહી છે.

**તામિલનાડુ પર પધારેલા હે અદ્વિતીય નેતા !**

દક્ષિણ પ્રાન્તની મહત્તાના ઉદાહરણભૂત કુન્દકુન્દ નામના ગામમાં જન્મેલા શ્રી પદ્મનંદી આચાર્ય તે ગામના નામથી જેમ પ્રચલિત થયા, તેમ તે મહાન આચાર્યના તપશ્ચરણ કરીને દિવંગત થવાને લીધે આ પહાડ પણ કુંદકુંદપહાડ એવા નામથી પ્રસિદ્ધ થયો; તેથી પૌરાણિકતાને પામેલી તેની ગરિમા સર્વોપરિ પ્રતિષ્ઠિત છે. તેની આપને યાદ દેવડાવતાં અમે સંતોષ અનુભવીએ છીએ.

**પ્રસંશા અને નિંદાને હસતાં હસતાં સહન કરીને**

**ધાર્મિક કૃત્ય કરનારા હે સ્વામિન્ !**

પ્રાકૃતભાષામાં સમયસારાદિ મહાન ગ્રંથરાજોની રચના કરીને ખ્યાતિ પામેલા શ્રી કુન્દકુન્દાચાર્યદેવે તામિલભાષામાં પણ '**तिरूक्कुरल**' નામના એક અદ્વિતીય ગ્રંથની રચના કરી છે; તેની મહત્તા જાણીને બધા ધર્મોવાળા તેને પોતપોતાનું વેદ કહે છે, એવા આ ગ્રંથરાજમાં કહ્યું છે કે **'પોતે ખોદી નાખનારને પણ સહનશીલતાપૂર્વક ઉપાડનારી જમીનની માફક કોઇ પણ અનુચિત વાતોથી ગાલીપ્રદાન કરનાર પ્રત્યે પણ ક્ષમા કરવી તે મહાન પુરુષોનું કર્તવ્ય છે."**

-તે ઉત્તમ નીતિના તો આપ ઉદાહરણ સ્વરૂપ છો. હે સ્વામી! આપ જેમ સમયસારનું પઠન-પાઠન કરો છો તેમ શ્રી કુન્દકુન્દાચાર્યના 'તિરુક્કુરલ મહા કાવ્ય'નું પણ અધ્યનન કરીને આપના શિષ્ય સમુદાયને ઉપદેશ દેવા માટે અમે પ્રાર્થના કરીએ છીએ.

**હે શ્રી દિગંબર મુમુક્ષુસંઘના નાયક !**

આ કુંદકુંદાચાર્ય પહાડ પર હરસાલ હજારો લોકો આવીને દર્શન કરી જાય છે. અને વળી આપનું આગમન થતાં ઇતિહાસાંકિત આ પુનિત પહાડ વધારે પ્રશંસાપ્રાત્ર બની ગયો છે. આપ અને આપના સંઘના પધારવાની યાદીસ્વરૂપે આ પહાડની પાસે એક જૈન ગુરુકુળની સ્થાપના કરીને, તેના દ્વારા વર્તમાન પુરાતત્ત્વને પ્રાપ્ત કરવા તથા સત્યજ્ઞાન અને સત્યધર્મનો માર્ગ દેખાડવા અમે પ્રાર્થના કરીએ છીએ.

પોન્નૂર આપના પ્રેમાનુરાગી

૧૪-૩-૧૯૫૯ શ્રી કુંદકુંદ પહાડ સંબંધી પોન્નૂર જૈન સમુદાય

*

## ધર્માત્માનું ઉત્કૃષ્ટ પરાક્રમ આનંદ-આશ્ચર્ય ઉપજાવે છે

**“ જેને કાંઇ પ્રિય નથી, જેને કાંઇ અપ્રિય નથી, જેને કોઇ શત્રુ નથી, જેને કોઇ મિત્ર નથી, જેને માન, અપમાન, લાભ, અલાભ, હર્ષ, શોક, જન્મ, મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઇ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે. ”**

શ્રીમદ્ રાજચંદ્ર : ( ૮૩૩ )

## જિજ્ઞાસુને જ્ઞાનીની શિખામણ

**હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ ?-એ આદિ ખેદ નહીં કરતાં વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધી હર્ષ વિષાદવૃત્તિ દૂર કરી, આત્મા અસંગ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે-એવી વૃત્તિનો નિશ્ચય, અને આશ્રય ગ્રહણ કરી, તે જ વૃત્તિનું બળ રાખવું; અને મંદવૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું. તે અદ્‌ભુત ચરિત્ર પર દષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત્ત કરવી. એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારક તથા કલ્યાણસ્વરૂપ છે.**

શ્રીમદ્ રાજચન્દ્ર : ( ૮૩૪ )

# ‘ ભેદવિજ્ઞાનં અતીવ ભાવ્યં ’

**ભેદજ્ઞાનનું સ્વરૂપ બતાવીને, અને ભેદજ્ઞાનીની પરિણતિનો અચિંત્ય મહિમા સમજાવીને આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે અહો, મોક્ષાર્થીજીવોએ અચ્છિન્નધારાથી આ ભેદવિજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે....સતત નિરંતર અંતરમાં તેનો પ્રયોગ કરવા જેવો છે. ભેદજ્ઞાનના અભ્યાસવડે જ સિદ્ધપદ પમાય છે.**

[ સંવર અધિકારના પ્રવચનોમાંથી ]

મારો આત્મા તો શુદ્ધ દર્શનજ્ઞાનસ્વરૂપ છે; એવા આત્માના અવલંબનવડે પુણ્ય–પાપથી જ્યારે આત્મા પાછો વળે છે ત્યારે પરદ્રવ્યના સંસર્ગથી અત્યંત દૂર થયેલો તે આત્મા ચેતયિતાપણે પોતાના શુદ્ધસ્વરૂપને જ ચેતે છે, એટલે શુદ્ધઆત્માને જ તે અનુભવે છે.–આવા શુદ્ધાત્મઅનુભવવડે આત્મા કર્મથી રહિત થાય છે. ભેદજ્ઞાનનો પ્રબળ અભ્યાસ તે જ કર્મથી છૂટકારાનો ઉપાય છે. જેને હજી ભેદજ્ઞાન જ નથી, રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ જ નથી તે કોનું અવલંબન કરશે? ભેદજ્ઞાન વગરનો અજ્ઞાની જીવ તો રાગાદિને જાણતાં તે રાગમય થઇને જાણે છે, પણ રાગથી ભિન્ન ચેતયિતાપણે રહીને જાણતો નથી. જ્ઞાની તો ભેદજ્ઞાનના બળવડે રાગથી ભિન્નપણું રાખીને–ચેતકપણે જ રહે છે, રાગપણે અંશમાત્ર થતો નથી.–એટલે ભેદજ્ઞાનના બળે શુદ્ધાત્માના ઉગ્ર અવલંબનવડે તેને રાગાદિનો નિરોધ થાય છે. આચાર્યદેવ કળશમાં કહે છે કે–

निजमहिमरतानां भेदविज्ञानशक्तया
भवति नियतमेषां शुद्धतत्त्वोपलंभः।
अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।।१२८।।

અહો, આચાર્યદેવે અલૌકિક અધ્યાત્મરસ વહેવડાવ્યા છે. ભેદજ્ઞાનની શક્તિવડે જેઓ નિજસ્વરૂપના મહિમામાં લીન રહે છે તેમને નિયમથી શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે. સમ્યગ્દર્શન પણ નિજમહિમામાં લીનતાવડે જ થાય છે; ને પછી મુનિદશા કે કેવળજ્ઞાન પણ નિજમહિમામાં લીનતાવડે થાય છે. પહેલાં નિજસ્વરૂપ શું

ને પરભાવ શું-એનો ભેદ લક્ષમાં આવ્યા વગર નિજસ્વરૂપનો ખરો મહિમા આવે નહિ, અને યથાર્થ મહિમા આવ્યા વગર તેમાં એકાગ્રતા થાય નહિ. જ્યાં જડ-ચેતનનું ભેદજ્ઞાન થયું, રાગ અને જ્ઞાનને ભિન્ન જાણ્યા ત્યાં ધર્માત્મા પોતાના ચિદાનંદસ્વરૂપનો પરમ અચિંત્ય મહિમા જાણે છે ને રાગાદિનો મહિમા તેને છૂટી જાય છે; એટલે ભેદજ્ઞાનના બળે તે પોતાના ઉપયોગને નિજસ્વરૂપના મહિમામાં લીન કરે છે ને શુદ્ધઆત્માને અનુભવે છે. શુદ્ધાત્માના અનુભવમાં સમસ્ત અન્ય દ્રવ્યોથી દૂર વર્તતા તેને રાગાદિના અભાવને લીધે કર્મથી અત્યંત છૂટકારો થાય છે. આ રીતે ભેદજ્ઞાનવડે શુદ્ધાત્માના ઉગ્ર અવલંબનવડે સંવરનિર્જરા ને મોક્ષ થાય છે.

મોક્ષનું મૂળ કારણ ભેદજ્ઞાન છે માટે મોક્ષાર્થીએ તે ભેદજ્ઞાન નિરંતર અતિ દ્રઢપણે ભાવવાયોગ્ય છે; શુદ્ધાત્માને અને રાગને જુદા જાણીને અતિશયપણે -ધારાવાહી અંતરંગ પ્રયત્નથી શુદ્ધાત્માની ભાવના કરવા જેવી છે.

सम्पद्यते संवर एष साक्षात्
शुद्धात्मतत्त्वस्य किलोपलंभात्।
स भेदविज्ञानत एव तस्मात्
तद्भेदविज्ञानमतीव भाव्यम्।।१२९।।

અહો, આચાર્યદેવે ભેદજ્ઞાનની ભાવનાને કેવી મલાવી છે! જીવોને પ્રેરણા કરે છે કે હે જીવો! શુદ્ધાત્માની ઉપલબ્ધિને માટે આ ભેદજ્ઞાનને અતિશયપણે નિરંતર ભાવો. ભેદજ્ઞાનની ભાવના એટલે શુદ્ધઆત્મા અને રાગ એ બન્નેને ભિન્ન જાણીને શુદ્ધઆત્માની સન્મુખ થવાનો વારંવાર પ્રયત્ન કરવો. શુદ્ધઆત્માના અવલંબને ભેદજ્ઞાનની ભાવના છે. ભેદજ્ઞાનની ભાવનામાં કાંઇ વિકલ્પનું અવલંબન નથી. રાગથી અત્યંત ભિન્ન ચૈતન્યસ્વભાવની ભાવનાવડે કર્મનો સંવર થાય છે. જુઓ, શુભરાગવડે સંવર નથી થતો, શુભરાગની ભાવનામાં તો આસ્રવની ભાવના છે. અંતરમાં ચૈતન્યસ્વભાવ તરફ જ્ઞાનનું પરિણમન થતાં તે જ્ઞાન આસ્રવોથી છૂટી જાય છે.

પહેલાં ભેદજ્ઞાન કરવું તે જ ધર્મનો એકડો છે. ભેદજ્ઞાન વગર ધર્મની વિદ્યા શરૂ થાય નહિ. ભેદજ્ઞાન થયા પછી પણ જ્ઞાની નિરંતર અચ્છિન્નધારાથી તેની ભાવના કરે છે.

भावयेत्भेदविज्ञानम् इदमच्छिन्नधारया।
तावत्यावत्परात्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।

ભગવાન આચાર્યદેવ કહે છે કે અહો! આ ભેદવિજ્ઞાન (ચૈતન્ય અને રાગનું ભિન્નત્વ) અચ્છિન્નધારાથી વિચ્છેદ પડયા વગર અખંડપણે ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પરભાવોથી છૂટું પડીને જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય. ચૈતન્યનો ઉપયોગ ચૈતન્યમાં જ થંભી જાય ત્યાંસુધી ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા જ કરવો. આ ભેદજ્ઞાનના અભ્યાસમાં એકલા વીતરાગીચૈતન્યભાવનું ઘોલન છે. જ્ઞાનમાં જ્ઞાન જ છે ને જ્ઞાનમાં રાગ જરાપણ નથી;

રાગ રાગમાં જ છે. રાગમાં જ્ઞાન જરાપણ નથી–આમ જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા વડે જ્ઞાનસ્વભાવનું સ્વસંવેદન કરીને પછી પણ ભેદજ્ઞાનવડે અચ્છિન્નપણે તે ભાવ્યા જ કરવું. જુઓ, આ જ્ઞાનીની નિરંતર ભાવના! વચ્ચે બીજા ભાવની ભાવના ધર્મીને સ્વપ્ને પણ આવતી નથી.

ભેદજ્ઞાનનો મહિમા કરતાં ફરીને આચાર્યદેવ કહે છે કે–

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

ચૈતન્યચમત્કાર માત્ર વસ્તુ અંતરમાં છે તેમાં રાગનો પ્રવેશ નથી,–આવા ભેદજ્ઞાનપૂર્વક ચૈતન્યસ્વભાવમાં સ્વસન્મુખતાવડે જ મુક્તિ સધાય છે. અને આવા ભેદજ્ઞાન વગર રાગમાં એકતાવડે જીવ સંસારમાં રખડે છે. જે કોઇ જીવો સિદ્ધ થયા છે–થાય છે કે થશે તે આવા ભેદજ્ઞાનવડે જ સિદ્ધ થાય છે; અને જે કોઇ જીવો બંધાયા છે તેઓ આ ભેદવિજ્ઞાનના અભાવથી જ બંધાયા છે.

એક તરફ શુદ્ધજ્ઞાનસ્વભાવ, અને બીજી તરફ રાગાદિ પરભાવો; તે બન્નેની ભિન્નતા જાણીને જેઓ જ્ઞાનસ્વભાવ તરફ વળ્યા તેઓ મુક્ત થયા છે. અને જ્ઞાન તથા રાગની એકતા માનીને જેઓ રાગમાં રોકાણા તેઓ અજ્ઞાન વડે બંધાય છે. નિગોદનો જીવ સંસારમાં કેમ રખડે છે? કે ભેદજ્ઞાન નથી કરતો માટે; ભેદજ્ઞાન વગર ભલે બીજું બધું કરે, પણ તેનાવડે મોક્ષનું સાધન કિંચિત્ થતું નથી. પરભાવોની ભિન્નતા જાણ્યા વગર પરભાવ છૂટે કયાંથી? જે જીવ ભેદજ્ઞાનરૂપી કરવતવડે જ્ઞાન અને રાગ વચ્ચેની સંધીને છેદી નાંખે છે તે જીવ રાગથી ભિન્ન શુદ્ધાત્માને અનુભવતો થકો મુક્તિને સાધે છે. મોક્ષનું મૂળ ભેદજ્ઞાન છે, ને સંસારનું મૂળ અજ્ઞાન છે. માટે આચાર્યદેવે કહ્યું કે હે જીવો! જ્ઞાન અને રાગની ભિન્નતા જાણીને નિરંતર ભેદજ્ઞાનને ભાવો.–આમાં ભેદજ્ઞાનના વિકલ્પની કે ગોખવાની વાત નથી પણ અંતરમાં જ્ઞાનસ્વભાવની સન્મુખતા કરીને જ્ઞાનભાવરૂપે જ પરિણમ્યા કરવું–તેનું નામ ભેદજ્ઞાનની ભાવના છે. જ્ઞાનીને ભેદજ્ઞાનની ધારા સતત વર્ત્યા જ કરે છે, ને તે મોક્ષનું કારણ છે.

ભેદજ્ઞાન થતાં જ્ઞાન પોતાના નિજભાવપણે પરિણમ્યું, તે જ્ઞાન પરમસંતોષરૂપ–શાંત–આનંદમય છે, રાગાદિ પરભાવનો કલેશ તેમાં નથી. ભેદજ્ઞાનરૂપ કળા પ્રગટયા પછી જ્ઞાની શુદ્ધસ્વભાવને જ સ્વપણે ગ્રહે છે, પરભાવના અંશને પણ પોતાના સ્વભાવમાં ગ્રહતા નથી. આવા અત્યંત ભેદજ્ઞાનવડે તેને રાગ –દ્વેષ–મોહ ભાવો છૂટી જાય છે ને કર્મનું બંધન અટકી જાય છે. અને આવી ભેદજ્ઞાનધારાવડે તેને ઉજ્જવળ જ્ઞાનપ્રકાશ તથા પરમાત્મપદ પ્રગટે છે. આ રીતે ભેદજ્ઞાનવડે પૂર્ણ આનંદરૂપ પરમાત્મપદ સધાય છે. માટે–

**“ तत् भेदविज्ञानं अतीव भाव्यं ”**

* * *

# સમ્યગ્દ્રષ્ટિને જ સાચો વૈરાગ્ય હોય છે મિથ્યાદ્રષ્ટિને સાચો વૈરાગ્ય હોતો નથી

## સમ્યગ્દ્રષ્ટિ ન હોવા છતાં રાગના સેવનવડે ભ્રમથી પોતાને સમ્યગ્દ્રષ્ટિ માનીને જે પ્રવર્તે છે તે જીવ સ્વછંદી છે, તેને “પાપી” કહ્યો છે.

### (નિર્જરાઅધિકાર ઉપરના પ્રવચનોમાંથી)

આ આત્મા જ્ઞાયકભાવરૂપ સુખમય છે; તેના સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યપૂર્વક જ કર્મોની નિર્જરા થાય છે. નિર્જરા એ કોઇ બહારની ક્રિયાવડે થતી નથી, પણ તે અંતરંગશુદ્ધિની અપેક્ષા રાખે છે. શુદ્ધચિદાનંદસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતાવડે જેણે પરભાવોનો ત્યાગ કર્યો છે,–એવા ધર્માત્મા કર્મના ઉદયમાં જોડાતા નથી, તેને કર્મો નિર્જરી જાય છે. જ્ઞાનરૂપ રહેવું ને પરભાવોથી વિરક્ત રહેવું–આવી જ્ઞાનવૈરાગ્યશક્તિ તે સમ્યગ્દ્રષ્ટિનું ચિહ્ન છે. આવા યથાર્થ જ્ઞાન–વૈરાગ્ય સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. મિથ્યાદ્રષ્ટિ ભલે ગમે તેટલા વ્રત–તપ કરે તોપણ તેને સાચો વૈરાગ્ય હોતો નથી. શુભરાગવડે તે પોતાને સમ્યગ્દ્રષ્ટિ માને છે તે માત્ર અભિમાનથી જ માને છે, પણ જે રાગમાં આસક્ત છે, ઊંડે ઊંડે રાગને લાભકારી માને છે–તેને સમ્યક્ત્વ કેવું?

જેને હજી રાગ પ્રત્યે વિરક્તિ તો થઇ નથી, રાગ અને જ્ઞાનની ભિન્નતાનું ભાન તો છે નહિ, અને અભિમાનથી એમ માને છે કે અમે મોટા ધર્માત્મા છીએ, અમે સમ્યગ્દ્રષ્ટિ છીએ, ને અમને બંધન થતું નથી–કેમકે શાસ્ત્રમાં એમ કહ્યું છે.–એ રીતે ભ્રમથી પોતાને સમ્યગ્દ્રષ્ટિ માનીને રાગનું સેવન કરનારા તે જીવો ભલે મહાવ્રત પાળે કે સમિતિ પાળે તોપણ આચાર્યભગવાન કહે છે કે તેઓ પાપી જ છે; કેમ કે આત્મા શું ને અનાત્મા શું–તેના જ્ઞાનથી તે રહિત છે, એટલે સમ્યગ્દર્શનથી રહિત છે; મિથ્યાત્વ તે જ મોટું પાપ છે. મિથ્યાત્વ ટાળ્યા વગર પંચમહાવ્રત પાળે કે સમિતિ પાળે પણ તેને કિંચિત્‌ધર્મ ન થાય. અજ્ઞાનભાવમાં ઊભો રહીને તે રાગના આચરણ કરે છે, અને માને છે એમ કે હું ધર્મ કરું છું. સેવે રાગ અને માને ધર્મ–એમાં તો વિપરીતમાન્યતાનું મોટું પાપ છે.

મિથ્યાદ્રષ્ટિ શુભરાગમાં તત્પર હોય તોપણ તેને પાપી કહ્યો. અહા, સમ્યગ્દ્રષ્ટિધર્માત્માની શું દશા છે તેની તેને ખબર પણ નથી. જ્ઞાનીએ રાગ અને જ્ઞાનની એકતા તોડી નાંખી છે, રાગથી ભિન્ન જ્ઞાનપરિણતિવડે તેને નિર્જરા જ થયા કરે છે. જ્ઞાનીને ભેદજ્ઞાનના બળે અશુભ વખતેય (અશુભને લીધે નહિ, પણ અશુભના કાળે) નિર્જરા થઇ રહી છે, ને અજ્ઞાનીને મિથ્યાત્વને લીધે શુભ વખતેય બંધન જ થયા કરે છે. જ્ઞાનીને અશુભ વખતેય વૈરાગ્યપરિણતિ ચાલુ છે, ને અજ્ઞાનીને શુભ વખતેય પાપી કહ્યો. અહો, આ અંતરના અભિપ્રાયની વાત બહારથી કઇ રીતે ઓળખશે? કેવી દશા હોય તો જ્ઞાની કહેવાય એની જેને ખબર નથી ને વ્રત-સમિતિના રાગમાં ધર્મ માનીને તેમાં જ તત્પર રહે છે, તેને ચૈતન્યનો ઉત્સાહ નથી આવતો પણ રાગનો ઉત્સાહ આવે છે-એવા જીવને સમ્યગ્દર્શન તો નથી પણ સમ્યગ્દર્શન શું છે તેની તેને ખબર પણ નથી.

કોઇ અજ્ઞાની મોટો રાજા હોય ને રાજપાટ રાણીઓ બધું છોડીને નગ્ન દિગંબર મુનિ થઇને પંચમહાવ્રત પાળે, સમિતિ પાળે, ત્યાં બહારથી જોનારને તો એમ લાગે કે ઓહોહો! કેટલો વૈરાગ્ય છે! પણ રાગમાં જે રત છે તેને વૈરાગ્ય કેવો? જ્ઞાન અને રાગની ભિન્નતાના અનુભવ વગર વૈરાગ્યનો અંશ પણ સાચો હોય નહિ. આ વ્રત-સમિતિનો રાગ મને મદદ કરશે, વ્રત-સમિતિનો રાગ કરતાં જાણે કે મેં ઘણું કરી નાખ્યું-એવી મિથ્યાબુદ્ધિમાં અનંતા રાગનું સેવન તેને પડયું છે તેથી અધ્યાત્મદ્રષ્ટિમાં તે હજી પાપી જ છે. અને સમ્યગ્દ્રષ્ટિ અવિરત હોય -ગૃહવાસમાં હોય તોપણ તેને ભેદજ્ઞાનના બળે સમસ્ત પરભાવો પ્રત્યે વૈરાગ્ય જ છે, અને એવા જ્ઞાનવૈરાગ્યને લીધે નિર્જરા થયા કરે છે. જ્ઞાનીના વૈરાગ્યનું અચિંત્ય સામર્થ્ય અજ્ઞાની જાણતો નથી.

રાગભાવ તો ચૈતન્યનો વિરોધી છે, ભલે વ્રતાદિનો શુભભાવ હો-તે પણ ચૈતન્યથી વિરુદ્ધજાતિનો ભાવ છે, તે વિરુદ્ધભાવને જે હિતરૂપ માને, તેનાવડે પોતાને 'સમ્યગ્દ્રષ્ટિ' માને, એવા જીવને સમ્યક્ત્વ કેવું? ને તેને વૈરાગ્ય કેવો? સમ્યગ્દ્રષ્ટિએ તો રાગ અને જ્ઞાનને ભેદજ્ઞાનવડે ભિન્નભિન્ન જાણ્યા છે, રાગના એક અંશને પણ તે ચૈતન્યમાં ભેળવતો નથી એટલે રાગ હોવા છતાં તેને મિથ્યાત્વ નથી. પહેલાં યથાર્થ ભેદજ્ઞાન કરવું જોઇએ; આત્માનું વાસ્તવિક સ્વરૂપ શું છે? ને રાગાદિ પરભાવો કેવા છે? તેને ઓળખ્યા વગર પરભાવથી સાચી વિરક્તિ ક્યાંથી થાય? અબંધપણું તો જ્ઞાનપરિણતિથી છે, કાંઇ રાગપરિણતિથી અબંધપણું નથી. જ્ઞાનપરિણતિ પ્રગટ કર્યા વગર એમ માને કે હું તો અબંધ છું-તો તે સ્વચ્છંદી છે,-ભલે શુભરાગ હોય તોપણ તે સ્વચ્છંદી છે; પોતાના સ્વછંદથી જ તે પોતાને સમ્યગ્દ્રષ્ટિ માને છે; ખરેખર તે મિથ્યાદ્રષ્ટિ જ છે, ને એવા

મિથ્યાદષ્ટિને પાપી કહ્યો છે. (સમ્યક્ત્વસન્મુખ મિથ્યાદષ્ટિને ભદ્ર કહેવાય છે.)

અરે, વ્રત-સમિતિરૂપ શુભભાવ હોવા છતાં પાપી કહ્યો? એ વાત સાંભળતાં ઘણાને રાડ બોલી જાય છે. પણ ભાઈ! સિદ્ધાંતમાં મિથ્યાત્વને જ સૌથી મોટું પાપ કહ્યું છે. જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાંસુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે. વ્યવહારીજીવોને પાપથી છોડાવવા તે શુભને પુણ્ય કહેવામાં આવે છે. પણ તે પુણ્યમાં એવી તાકાત નથી કે જીવને સમ્યગ્દર્શનાદિ પમાડે. પુણ્યવડે એકપણ ભવ ઘટે નહિ. સમ્યગ્દર્શનમાં અનંત ભવનો નાશ કરવાની તાકાત છે.

* * *

## સ....ત્પુ....રુ....ષ

"સત્પુરુષનું ખરેખરું સ્વરૂપ જાણવું જરૂરનું છે. મધ્યમ સત્પુરુષ હોય તો વખતે થોડા કાળે તેમનું ઓળખાણ થવું સંભવે, કારણ કે જીવની મરજી અનુકૂળ તે વર્તે, સહજ વાતચીત કરે અને આવકારભાવ રાખે તેથી જીવને પ્રીતિ થવાનું કારણ બને. પણ ઉત્કૃષ્ટ સત્પુરુષને તો તેવી ભાવના હોય નહીં; તેથી કાં તો જીવ અટકી જાય, અથવા મુંઝાય, અથવા તેનું થવું હોય તે થાય."

(શ્રી. રા. ઉપદેશછાયા : ૩)

***

## સત્સંગનું ફળ

"સત્સંગ થયો છે તેનો શો પરમાર્થ? સત્સંગ થયો હોય તે જીવની કેવી દશા થવી જોઇએ?-તે ધ્યાનમાં લેવું. પાંચ વરસનો સત્સંગ થયો છે તો તે સત્સંગનું ફળ જાહેર થવું જોઈએ, અને તે જીવે તે પ્રમાણે વર્તવું જોઈએ. એ વર્તન જીવે પોતાના કલ્યાણના અર્થે જ કરવું પણ લોકોને દેખાડવા અર્થે નહીં. જીવના વર્તનથી લોકોમાં એમ પ્રતીત થાય કે જરૂર આને મળ્યા છે તે કોઇ સત્પુરુષ છે અને તે સત્પુરુષના સમાગમનું, સત્સંગનું આ ફળ છે, તેથી જરૂર તે સત્સંગ છે, એમાં સંદેહ નથી."

(શ્રી. રા. ઉપદેશછાયા : ૩)

# વિધવિધ-સંગ્રહ

**[ અહીં કેટલાક વિધવિધ ચર્ચા વગેરેનો સંગ્રહ આપ્યો છે તે જિજ્ઞાસુઓને ગમશે ]**

**વીરહાક**

વીરહાકથી મોક્ષને સાધવા નીકળ્યો તેના ભાવ ઢીલા હોય નહીં.

**આત્માના શોધકને......**

હે આત્માના શોધક! અંતરમાં આ જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવવા માટે, બીજો બધો કોલાહલ (ચિંતા) છોડીને એકધારો છ મહિના પ્રયત્ન કર. નિશ્ચળપણે લગનીથી અંતરમાં તીવ્ર અભ્યાસ કર....તને જરૂર આત્મપ્રાપ્તિ થશે. આત્માની પાછળ લાગે તેને સમ્યગ્દર્શન જરૂર થાય જ.

**સમન્તભદ્ર-ભારતી**

માત્ર ન અને ત અક્ષરોવડે રચાયેલા નીચેના શ્લોકની પહેલી લાઇનમાં જે અક્ષરો છે તે જ અક્ષરો બીજી લાઇનમાં છે; આવી રચનાવાળા શ્લોકને 'ચક્રશ્લોક' કહેવાય છે. આ શ્લોકદ્વારા શ્રી સમન્તભદ્રસ્વામીએ વિમલનાથ ભગવાનની સ્તુતિ કરી છેઃ–

नेतानतनुते नेनोनितान्तं नाततो नुतात्।
नेता न तनुते नेनो नितान्तं ना ततो नुतात्।।

ઉપરોક્ત શ્લોકનો અર્થ આ પ્રમાણે છે : હે પાપરહિત, વિમલનાથ જિનેન્દ્ર! આપ શરણમાં આવેલા સંસારી પ્રાણીઓને કોઇ જાતના કલેશ વગર શરીરરહિત અવસ્થા (સિદ્ધપદ) પ્રાપ્ત કરાવી દો છો, તથા આપને નમસ્કાર કરવાથી પ્રાણી બધાનો સ્વામી અને નેતા થઇ જાય છે. માટે હે ભવ્યજનો! આવા આ વિમલનાથ ભગવાનને તમે પણ નમસ્કાર કરો.

[ સમન્તભદ્રસ્વામીરચિત સ્તુતિવિદ્યા ]

**"कति न कति न वारान्"....**

ધીર, વીર, દ્રઢ બ્રહ્મચારી શ્રી જંબુકુમાર જ્યારે વૈરાગ્યથી દીક્ષા લેવા તૈયાર થયા છે અને તેની માતા શોકથી વિલાપ કરે છે ત્યારે જંબુકુમાર કહે છે કે હે માતા! તું જલદી શોકને છોડ....કાયરતાને છોડ. આ સંસારની બધી અવસ્થા ક્ષણભંગુર છે એમ તું ચિંતન કર. હે માતા! આ સંસારમાં મેં ઇન્દ્રિયસુખો ઘણીવાર ભોગવ્યા પણ તેનાથી તૃપ્તિ ન મળી, એવા અતૃપ્તિકારી વિષયોથી હવે બસ થાઓ. હવે તો અમે અવિનાશી ચૈતન્યપદને જ સાધશું.

વળી હે માતા! સાંભળઃ–

कति न कति न वारान् भूपतिर्भूरिभूतिः।
कति न कति न वारानत्र जातोस्मि कीटः।।

नियतमिति न कस्याप्यस्ति सौख्यं न दुखं।
जगति तरलरुपे किं मुदा किं शुचा वा।।

આ સંસારમાં ભમતાં વારંવાર હું મોટી વિભૂતિ સહિત રાજા થયો ને વારંવાર કીટ પણ થયો; આ તરંગ જેવા ચંચળ સંસારમાં કોઇ પ્રાણીને ઇન્દ્રિયસુખ કે દુઃખ કાયમ એકસરખા રહેતા નથી, માટે સુખમાં હર્ષ શો? ને દુઃખમાં શોક શો? માટે હે માતા! તું શોકને છોડ!

એ પ્રમાણે વૈરાગ્યમય અમૃતવચનો વડે માતાને સંબોધીને જંબુકુમાર વન તરફ ચાલ્યા....ને સૌધર્મસ્વામી પાસે જઇને દીક્ષા લીધી....થોડા જ વર્ષોમાં કેવળજ્ઞાનને સાધ્યું. ધન્ય એમનો વૈરાગ્ય! ધન્ય એમનું જીવન.

## શાસ્ત્રાભ્યાસનું ફળ

(મોક્ષમાર્ગ પ્રકાશક અ: ૭ ના પ્રવચનમાંથી)

શાસ્ત્રમાં જે અનેકવિધ ઉપદેશ છે તેમાં મને કાર્યકારી શું છે?-મારું હિત કઇ રીતે છે?-એમ વિવેકપૂર્વક પોતાના હિતનો ઉદ્યમ કરવો. પણ પહેલેથી જેની એવી બુદ્ધિ છે કે હું શાસ્ત્ર ભણીને બીજાને ઉપદેશ આપું,-તો તે પોતાના હિતને માટે નથી ભણતો પણ ઉપદેશક થવા માટે શાસ્ત્ર ભણે છે, તેની પ્રવૃત્તિ અયથાર્થ છે. પરંતુ શાસ્ત્રનો અભ્યાસ તો પોતાના ભલા માટે કરવાનો છે. શાસ્ત્રનો અભ્યાસ જે રીતે આત્માનું હિત થાય તે રીતે કરવો, પણ આત્માનું હિત ચૂકીને એકલા શાસ્ત્રાભ્યાસમાં લાગ્યો રહે તો તેમાં ઊંડે ઊંડે માનાદિના પોષણનો અભિપ્રાય રહ્યા કરે છે. જ્ઞાની તો શક્તિ મુજબ શાસ્ત્રાભ્યાસ કરીને તત્ત્વનો નિર્ણય કરે છે તથા જ્ઞાનની નિર્મળતા અર્થે શાસ્ત્રાભ્યાસ કરે છે, એ રીતે તત્ત્વનિર્ણય વડે તે પોતાનું હિત સાધે છે. આત્માનું હિત થાય તેવા ઉદ્યમની મુખ્યતા રાખીને પછી વિશેષ શક્તિ હોય તો ન્યાયશાસ્ત્રો વગેરેનો પણ અભ્યાસ કરવો. જો વિશેષ અભ્યાસની શક્તિ ન હોય તો સુગમ શાસ્ત્રોના અભ્યાસ વડે પોતાનું હિત થાય તેમ કરવું. એકલી પરસન્મુખતાથી શાસ્ત્રનો અભ્યાસ કરે, પણ સ્વસન્મુખ થઇને 'હું જ જ્ઞાનસ્વભાવી છું' એમ ન અનુભવે ત્યાંસુધી સમ્યગ્જ્ઞાન થાય નહિ. 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે-એમ શાસ્ત્રમાં કહ્યું છે'-એમ જાણે છે. પણ 'હું જ્ઞાનસ્વરૂપ છું.'-એમ અજ્ઞાની જાણતો નથી, એટલે સાચું તત્ત્વશ્રદ્ધાન તેને હોતું નથી, શાસ્ત્રાભ્યાસનું સાચું ફળ તેને નથી. યથાર્થ તત્ત્વશ્રદ્ધા થઇને આત્માનો અનુભવ થાય તે શાસ્ત્રાભ્યાસનું સાચું ફળ છે.

## ધન્ય એ સંતો

મેરા મારગ ન્યારા સબસેં, પણ શિવમારગસે નહિ ન્યારા;
વીતરાગકા વચન પ્રમાણે સમજે તો જગકું પ્યારા.....
સચ્ચા કહે જિનવાણી ખુલ્લા, સમજે જ્ઞાની મસ્તાના,
મસ્તાના કા મારગ મુક્તિ શું જાણે તે દીવાના.....
ધન ધન જગમાં એવા સન્તો સંગત તેની બહુ સારી,
સન્તજનો સહુ ચઢતે ભાવે, હું જાઉં તસ બલિહારી....

-ભક્તિમાંથી

## આ....નં....દ....નું વે....દ....ન

'દર્શન-જ્ઞાન-ચારિત્રને હંમેશા પ્રાપ્ત છે તે આત્મા છે' એમ શ્રી ગુરુએ 'આત્મા' સમજાવ્યો કે તુરત જ અંતર્મુખ લક્ષ કરીને શિષ્ય સમજી ગયો,-તે સમજતાં શિષ્યના આત્મામાં શું થયું? કે તુરત જ અતીન્દ્રિય આનંદના વેદન સહિત સુંદર બોધતરંગ તેના અંતરમાં પ્રગટયા. ખરો જિજ્ઞાસુ શિષ્ય તુરત જ સમજી જાય છે.... "પ્રભો! 'આત્મા' કહીને આપ શું બતાવવા માંગો છો!" એમ શિષ્યને અંતરમાંથી જિજ્ઞાસા જાગી, અને જિજ્ઞાસુ થઇને ટગટગપણે આત્મા સમજવા તરફ ઉપયોગને એકાગ્ર કર્યો. આવા તૈયાર શિષ્યને જ્યાં આચાર્યદેવે કહ્યું કે "આવા દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ આત્મા છે"-ત્યાં તુરત જ અંતરમાં ઊતરીને આનંદસહિત જ્ઞાન તરંગવડે તે શિષ્ય આત્માને સમજી ગયો;-તેને આનંદમય જ્ઞાનતરંગ સહિત આત્માની અનુભૂતિ પ્રગટ થઇ.....જુઓ, આવી અનુભૂતિ થાય ત્યારે આત્મા સમજ્યો કહેવાય. આનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન! સૂક્ષ્મભેદના લક્ષમાં અટકયો હોય ત્યાંસુધી પણ આત્માને સમજ્યો કહેવાય નહિ. "આત્મા" સમજતાં જ અંદર અપૂર્વ આનંદ સહિત સુંદર -મનોહર જ્ઞાનતરંગ ઊછળ્યા. આત્મા સમજે ને અંદર આવા આનંદનું વેદન ન થાય- એમ બને નહિ. (સ. ગા. ૮ ના પ્રવચનમાંથી)

## મુ....નિ....વ....રો....ની જે....મ

અરે, ચૈતન્યઅનુભૂતિનો કેટલો મહિમા છે ને એનો અનુભવ કરનાર ધર્માત્માની શી સ્થિતિ છે તેની લોકોને ખબર નથી. (અનુભવીના અનુભવમાં બારે અંગનો સાર સમાઇ ગયો છે.) અવિરત સમ્યગ્દષ્ટિના અંતરમાં પણ ભેદજ્ઞાનના બળે ક્ષણેક્ષણે સિદ્ધપદની આરાધના ચાલી રહી છે; જેમ મુનિવરો મોક્ષના સાધક છે તેમ આ ધર્માત્મા પણ મોક્ષના સાધક છે.

### જીવનમાં સારા સંસ્કાર

સંસારનું સ્વરૂપ તો અસાર જ છે. આવા મનુષ્યભવમાં જે કોઈ દેવ-ગુરુ પ્રત્યેની ભક્તિનો ભાવ કે આત્માને સમજવાના સારા સંસ્કાર આત્મામાં નાખ્યા હોય તે જ આત્માને લાભરૂપ થાય છે. આવા પ્રસંગથી આત્મામાં દ્રઢ નિશ્ચય કરવો કે આપણે જીવનમાં આત્મામાં સારા સંસ્કાર જરૂર પાડવા છે.

* * *

આ મનુષ્યભવમાં દેવ-ગુરુ પ્રત્યે અપૂર્વ રુચિ પ્રગટાવવી કે જેથી આત્માને ભવનો નાશ થઇને આત્માનું સાચું સુખ પ્રગટ થાય. એવી ભાવના જરૂર કરવી, તે જ શરણરૂપ છે. (એક પત્રમાંથી)

# જ્ઞાનીને પરભાવની રમત ગમતી નથી

**[ કા. સુદ પાંચમના રોજ નંદરબારના ભાઈશ્રી કપુરચંદ સુખલાલના મકાનના વાસ્તુ પ્રસંગે સમયસાર-નિર્જરા અધિકાર ગા. ૧૯૪ના પ્રવચનમાંથી ]**

આ આત્મા સર્વજ્ઞતા વગેરે અનંતશક્તિનો પિંડ છે, તે આખા આત્માને દ્રષ્ટિના ધ્યેયમાં લેવો તે સમ્યગ્દર્શન છે. મારા સ્વભાવની અસ્તિમાં બેહદ જ્ઞાન, બેહદ આનંદ વગેરે છે, પણ વિકાર કે કર્મનું મારા સ્વભાવમાં અસ્તિત્વ નથી.-આ રીતે મહાન આત્મસત્તાને લક્ષમાં લઇને તેમાં એકાગ્રતાવડે શુદ્ધિની વૃદ્ધિ થાય, વિકાર ટળતો જાય ને કર્મો નિર્જરતા જાય-તેનું નામ નિર્જરા છે.

ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદનું મોટું ઝરણું છે. એનું જેને માહાત્મ્ય થયું તેની દ્રષ્ટિમાંથી પરનું, વિકારનું કે અલ્પતાનું માહાત્મ્ય ટળ્યું ને તેણે અનંત સુખના ધામ એવા આત્મામાં વાસ કર્યો; તેણે ખરૂં વાસ્તું કર્યું. ભગવાન આત્મા એવો છે કે સ્વસંવેદન પ્રત્યક્ષથી આખો લક્ષમાં આવે છે. એના લક્ષ વગર પરનો-રાગનો મહિમા મટે નહિ. જ્ઞાની ધર્માત્માને સ્વભાવનો જ આદર છે, રાગનો આદર નથી એટલે તે નિર્જરા ખાતે જ છે; સ્વભાવના આનંદસ્વાદ આગળ પરભાવો ગળી જાય છે-ઝરી જાય છે. અહા, જ્ઞાનીએ અંતરમાં ચૈતન્ય સાથે રમત માંડી, તે રમતમાં તેને બીજી પરભાવની રમતું રુચતી નથી. પૂર્ણાનંદી આત્મા તેને રુચે છે ને પરભાવની વૃત્તિ તે તેને ખૂંચે છે. અહા, સમ્યગ્દર્શનના ધ્યેયમાં આખો ભગવાન ભેટયો!! મિથ્યાદર્શનમાં વિકારને ને સંયોગને ભેટતો, ને સમ્યક્ત્વ થતાં પૂર્ણ આનંદના સાગરનો ભેટો થયો. જુઓ તો ખરા સમકિતનો મહિમા!! જ્યાં ભગવાનના ભેટા થયા ત્યાં હવે મલિનભાવો કેમ ગોઠે? અનંતકાળે જે હાથમાં નહોતો આવ્યો એવો ચૈતન્ય જ્યાં નજરમાં આવ્યો ત્યાં આખી દ્રષ્ટિ ફરી ગઇ. હું શરીરના સંયોગમાં ન આવું, વિકારમાં હું ન આવું, હું તો મારા અનંત જ્ઞાનાદિ સ્વભાવમાં જ છું,-આવી શુદ્ધ સંપદા ઉપરની દ્રષ્ટિને લઇને જ્ઞાનીને તે સંપદા ખીલતી જાય છે. સમવસરણમાં ચકલાં ને વાઘ સમ્યગ્દ્રષ્ટિ હોય તેને પણ આવી દ્રષ્ટિથી શુદ્ધતા વધતી જાય છે ને ચૈતન્યસંપદા ખીલતી જાય છે. અલ્પ રાગાદિ છે તેના ભોગવટાની મુખ્યતા નથી, શુદ્ધતાની જ મુખ્યતા છે. બહારમાં અગ્નિની ભઠ્ઠીના ઢગલા વચ્ચે પડેલો નરકનો સમ્યગ્દ્રષ્ટિ જીવ અંતરમાં ચૈતન્ય શાંત શીતળ રસને વેદી રહ્યો છે. તેને અશુદ્ધતા ને કર્મો નિર્જરતા જ જાય છે. ચૈતન્ય ઉપર દ્રષ્ટિ પડી છે તેને પ્રતાપે આ નિર્જરા થાય છે.-આવી દ્રષ્ટિ પ્રગટ કરીને ચૈતન્યમાં વાસ કરવો તે ખરું વાસ્તુ છે.

***

# એક વૈરાગ્ય-પત્ર

સંસારમાં સંયોગ-વિયોગના અનેકવિધ પ્રસંગો સદાય બન્યા કરતા હોય છે; એવા એક વૈરાગ્યપ્રસંગે લખાયેલા પત્રનો થોડોક ભાગ જિજ્ઞાસુઓને ઉપયોગી સમજીને અહીં પ્રગટ કર્યો છે.

## 卐 નિર્મોહી આરાધક સન્તોને નમસ્કાર 卐

સંસારમાં આઘાત-પ્રત્યાઘાતના પ્રસંગો સદાય બન્યા જ કરતા હોય છે. મોટા મોટા માનવી પણ ક્ષણભરમાં ફૂ થઇ જતા દેખીએ છીએ; નાનકડી ઉમરમાં પણ ઘણા ચાલ્યા જાય છે....આ જીવની પોતાની પણ એ જ સ્થિતિ થવાની છે. છતાં જીવની ટેવ પડી ગઇ છે એટલે આવા પ્રસંગે તે બહુ દુઃખી થાય છે. સંસાર સાથેનો સંબંધ જેઓ છોડે છે તેઓ જ દુઃખી નથી થતા.

જીવ અને શરીર જાુદા પડી જાય છે, એ વાત નજરોનજર બને છે. પણ જીવ તેની જાુદાઇનો વિચાર નથી કરતો. આ શરીરથી હું જાુદો પડીશ ત્યારે મારું શું થશે? હું ક્યાં જઇશ?-એટલો વિચાર જાગે તોય જીવને ઘણી શાંતિ મળે, ને આવા આઘાતના દુઃખને બદલે વૈરાગ્યભાવ જાગે.

જગતમાં નાના-મોટા મૃત્યુના પ્રસંગો બન્યા જ કરે છે, એક પ્રસંગ બને ને થોડા વર્ષે ભૂલાઇ જાય, વળી બીજો પ્રસંગ બને, એવું સદાય બન્યા જ કરે છે. સારા પ્રસંગો ને ખરાબ પ્રસંગો જગતમાં સદાય બન્યા જ કરે છે. પણ કોઇ પ્રસંગ કાયમ નથી રહેતો. વીસ વર્ષનો યુવાન ભાઈ ગૂજરી જાય ત્યારે કેવો વૈરાગ્યપ્રસંગ હોય! છતાં તે પણ કાળક્રમે ભૂલાઇ જાય છે કે નહિ? લગ્ન વગેરે સારા પ્રસંગે જે હર્ષ થયો હોય તે પણ થોડા ટાઇમે ભૂલાય જાય છે, તેમ મરણ વગેરે પ્રસંગે આઘાત થયો હોય તે પણ થોડા ટાઇમે ભૂલાઇ જાય છે.-એ બન્ને પ્રકારના પ્રસંગથી જાુદો રહીને આત્મા સદાય એવો ને એવો રહ્યા કરે છે.-એને લક્ષમાં લેવાથી જગતના બધાય દુઃખ હળવા પડી જાય છે.

અનેક બાઇઓને નાની ઉમરમાં જ જે દુઃખ થાય છે તે લોકો ક્યાં નથી જાણતાં?-છતાં એ બધાયના દુઃખ ભૂલાઇ જાય છે કે નહીં? સ્નેહીજનના વિયોગનું કાંઇ ઝાઝું દુઃખ નથી હોતું, પણ આપણે પોતે મોહથી તેને મોટું રૂપ આપીને દુઃખી થઇએ છીએ. કોઇ સ્નેહીજનનો વિયોગ થાય તેથી કાંઇ આ આત્માને દુર્ગતિમાં નથી જવું પડતું, પણ તેના વિયોગ પાછળ બહુ ઝાઝો શોક ને આર્તધ્યાન કરે તો જીવને દુર્ગતિમાં જવું પડે છે. શાસ્ત્રકારો કહે છે કે અરે જીવ! જેનું આયુષ્ય પૂરું થયું તે તો કોઇ કાળે પાછું આવવાનું નથી, તું મફતનો હાયવોય કરીને શા માટે કરમ બાંધે છે?

માટે ગમે તેવા પ્રસંગે જીવે ખૂબ જ શાંતિ ને ધીરજ રાખવી. હિંમત રાખવી એ આપણું કામ છે. બીજું વિશેષ ન સમજાય તો જીવ અને શરીરની જુદાઇનો વિચાર કરવો તથા પંચપરમેષ્ઠી ભગવાનને યાદ કરવા. શું અરિહંત ભગવાનને કે સાધુમુનિરાજને કોઇના મરણથી દુઃખ થાય છે? ના; તો આપણે શા માટે દુઃખી થવું? અરિહંતપ્રભુને દુઃખ નથી થતું તો પછી આપણે બધાય પણ અરિહંત પ્રભુના વંશના જ છીએ.

આપણે જૈન....આપણે જિનેશ્વરદેવના ભક્ત....આપણને રોવાકૂટવાનું ન શોભે, આપણે તો ધર્મના ઉત્તમ વિચારોમાં જ મન પરોવવું.

શ્રીકૃષ્ણ જ્યારે જંગલમાં ઝાડ નીચે સૂતા હતા ને તરસ લાગી હતી, ત્યારે તેમના ભાઈ તેમને માટે પાણી ભરવા ગયા હતા; ત્યાં તો શ્રીકૃષ્ણના બીજા એક ભાઈએ અજાણપણે છોડેલું બાણ શ્રીકૃષ્ણને લાગ્યું ને તેઓનું મૃત્યુ થયું. અહીં તો હજી બળભદ્ર પાણી ભરીને દોડતા આવે છે કે મારો ભાઈ તરસ્યો છે, તેને ઝટ પાણી પાઉં,–પણ આવીને જુએ તો તે મરી ગયા છે!–અરે, આવા મહાપુરુષોને પણ ક્ષણભરમાં અણધાર્યું મરણ આવી પડે છે,–તો બીજાની શી વાત? જગતની એ જ સ્થિતિ છે. માટે જીવે શાંતિ રાખવી એ કર્તવ્ય છે. (જ્યાં દુઃખ કદી ન પ્રવેશી શકતું ત્યાં નિવાસ જ રાખીએ...)

## જ્ઞા....ની....નો.... મા....ર્ગ

જ્ઞાનીનો માર્ગ સુલભ છે પણ તે પાળવો દુર્લભ છે. એ માર્ગ વિકટ નથી, સીધો છે, પણ તે પામવો વિકટ છે. પ્રથમ સાચા જ્ઞાની જોઇએ; તે ઓળખવા જોઇએ, તેની પ્રતીત આવવી જોઇએ. પછી તેનાં વચન પર શ્રદ્ધા રાખી નિઃશંકપણે ચાલતાં માર્ગ સુલભ છે. પણ જ્ઞાની મળવા અને ઓળખવા એ વિકટ છે, દુર્લભ છે, શંકા કર્યા વિના જ્ઞાનીઓનો માર્ગ આરાધે તો તે પામવો સુલભ છે.

શ્રીમદ્રાજચંદ્ર : ઉપદેશનોંધઃ ૧૪

## પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈન તીર્થ યાત્રા સંઘ (સુધારેલો કાર્યક્રમ)

**[ પૂ. ગુરુદેવ વગેરે સોનગઢથી તા. ૫-૧-૬૪ ના રોજ પ્રસ્થાન કરશે. અને બીજા યાત્રિકો મુંબઇથી તા ૧૦-૧-૬૪ના રોજ પ્રસ્થાન કરીને તે જ દિવસે પૂનામાં ગુરુદેવની સાથે થઇ જશે. ત્યાંથી પોન્નૂર સુધી આખો સંઘ સાથે રહેશે. ]**

| ક્રમાંક | ગામ | માઇલ | તિથિ | તારીખ | વાર | કેટલા દિવસ |
|---|---|---|---|---|---|---|
| | સોનગઢથી મંગલ પ્રસ્થાન | | પોષ વદ ૬ | ૫-૧-૬૪ | રવિ | |
| ૧ | અમદાવાદ | ૧૨૧ | પોષ વદ ૬ | ૫-૧-૬૪ | રવિ | ૧ |
| ૨ | પાલેજ | ૧૦૧ | પોષ વદ ૭ | ૬-૧-૬૪ | સોમ | ૨ |
| | | | પોષ વદ ૮ | ૭-૧-૬૪ | મંગળ | |
| ૩ | વલસાડ | ૧૦૪ | પોષ વદ ૯ | ૮-૧-૬૪ | બુધ | ૧ |
| ૪ | ભીવંડી | ૧૧૦ | પોષ વદ ૧૦ | ૯-૧-૬૪ | ગુરુ | ૧ |
| ૫ | પૂના | ૯૯ | પોષ વદ ૧૧ | ૧૦-૧-૬૪ | શુક્ર | ૧ |
| ૬ | સતારા | ૬૯ | પોષ વદ ૧૨ | ૧૧-૧-૬૪ | શનિ | ૧ |
| ૭ | કુંભોજ | ૮૦ | પોષ વદ ૧૩ | ૧૨-૧-૬૪ | રવિ | ૧ |
| ૮ | બેલગામ | ૯૩ | પોષ વદ ૧૪ | ૧૩-૧-૬૪ | સોમ | ૧ |
| ૯ | હુબલી | ૫૯ | પોષ વદ ૦)) | ૧૪-૧-૬૪ | મંગળ | ૧ |
| ૧૦ | દાવનગિરિ | ૮૯ | મહા શુદ ૧ | ૧૫-૧-૬૪ | બુધ | ૧ |
| ૧૧ | હુમચા (હરિહર થઇને) | ૮૩ | મહા શુદ ૨ | ૧૬-૧-૬૪ | ગુરુ | ૧ |
| ૧૨ | કુંદાદ્રિ | ૩૩ | મહા શુદ ૩ | ૧૭-૧-૬૪ | શુક્ર | ૧ |
| ૧૩ | મૂડબિદ્રિ | ૫૩ | મહા શુદ ૪ | ૧૮-૧-૬૪ | શનિ | ૨ |
| | | | મહા શુદ ૫ | ૧૯-૧-૬૪ | રવિ | |
| ૧૪ | હાસન | ૧૦૬ | મહા શુદ ૬ | ૨૦-૧-૬૪ | સોમ | ૧ |
| ૧૫ | શ્રવણ | ૩૨ | મહા શુદ ૭ | ૨૧-૧-૬૪ | મંગળ | ૨ |
| | બેલ્ગોલા | | મહા શુદ ૮ | ૨૨-૧-૬૪ | બુધ | |
| ૧૬ | મૈસુર | ૬૨ | મહા શુદ ૯ | ૨૩-૧-૬૪ | ગુરુ | ૧ |
| ૧૭ | બેંગલોર | ૮૭ | મહા શુદ ૧૦ | ૨૪-૧-૬૪ | શુક્ર | ૧ |
| ૧૮ | રાણીપેઠ | ૧૩૭ | મહા શુદ ૧૧ | ૨૫-૧-૬૪ | શનિ | ૧ |
| ૧૯ | વાંદેવાસ | ૪૦ | મહા શુદ ૧૨ | ૨૬-૧-૬૪ | રવિ | ૨ |
| | (પોન્નુર) | | મહા શુદ ૧૪ | ૨૭-૧-૬૪ | સોમ | |
| | | ૧૫૧૦ | | | | ૨૩ |


## પોન્નૂર તીર્થધામની યાત્રા પછી ગુરુદેવનો પ્રવાસ કાર્યક્રમ લગભગ નીચે મુજબ રહેશે:-

* પોન્નૂરથી તા. ૨૮–૧–૬૪ (મહા સુદ ૧૫) પાલમનેર; પછી ટૂમ્કુર, ચિત્તલદુગ, ત્રિમલકોપ, ગોંટૂર, કરાર, પૂના, નાશિક અને ચાંદૂર થઇને–
* જલગાંવ (તા. ૬–૨–૬૪ તથા ૭–૨–૬૪) ત્યાંથી પલાસનેર, સુસારી, પીપળોદ, અમદાવાદ, સુરેન્દ્રનગર થઇને–
* રાજકોટ (૧૩–૨–૬૪ મહા વદ ૦)) થી તા. ૨૪–૨–૬૪ ફા. સુ. ૧૨) ત્યાં ફાગણ સુદ ત્રીજે સમવસરણ મંદિર તથા માનસ્તંભનું શિલાન્યાસ.) ત્યાંથી જોરાવરનગર થઇને–
* રખિયાલ (તા. ૨૬–૨ થી ૧–૩–૬૪ ફા. સુ. ૧૪ થી ફા. વ ૩) ત્યાં નવા જિનમંદિરમાં વેદીપ્રતિષ્ઠાનું મુહૂર્ત ફા. વદ ત્રીજ. ત્યાંથી દેહગામ (તા. ૨ તથા ૩), સોનાસણ (તા.૪), ફત્તેપુર (તા. ૫ થી ૮), તલોદ (તા. ૯–૧૦), વઢવાણશહેર (તા. ૧૧–૧૨), જેતપુર (તા. ૧૩).
* પોરબંદર (તા. ૧૪ થી ૨૧, પ્રથમ ચૈત્ર સુદ ૧ થી ૮), લાઠી (ચૈ. સુ. ૯), સાવરકુંડલા (ચૈ. સુ. ૧૦ થી વદ ૨), આંકડિઆ (ચૈ. વદ ૩–૪), ઉમરાળા (ચૈ. વદ ૫–૬). ગઢડા (ચૈ. વદ ૭–૮), પાટી (ચૈ. વ. ૯) રાણપુર (ચૈ. વ. ૧૦ થી ૧૪.)
* બોટાદ (ચૈ. વદ ૦) થી બીજા ચૈ. સુદ ૮ ત્યાં જિનમંદિરમાં વેદીપ્રતિષ્ઠાનું મુહૂર્ત ચૈ. સુદ ૮).
* અમદાવાદ (ચૈ. સુ. ૯ થી ચૈ. સુ. ૧૩) [ચૈ. સુ. ૧૪ થી ચૈ. વ. પાંચમ સુધી અમદાવાદથી મુંબઇ જતાં રસ્તામાં સુરત પાલેજ વગેરે–]
* **ચૈત્ર વદ છઠ્ઠ મુંબઇનગરીમાં પ્રવેશ :** (મુંબઈમાં વૈશાખ સુદ બીજનો હીરકજયંતીમહોત્સવ; તથા દાદર જિનમંદિરની પંચકલ્યાણક પ્રતિષ્ઠાનું મુહૂર્ત વૈશાખ સુદ ૧૧ નું છે.)

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર

“ ATMDHARM ” Reg. no. G. 82




આપે આ ચિત્ર જોયું? મધદરિયા વચ્ચે વહાણ ચાલ્યું જાય છે ને વહાણ ઉપર પંખી બેઠું છે....આ ચિત્ર શું સૂચવે છે? પ્રવચનસાર શાસ્ત્રમાં એક ગાથાની ટીકામાં આચાર્યદેવે જે દ્રષ્ટાંત આપેલ છે તેના ઉપરથી આ ચિત્ર બનાવ્યું છે.....તમનેય આ વહાણમાં બેસવાનું મન થઇ જાય છે ને!–તો વિશેષ જાણકારી માટે ‘ આત્મધર્મ ’ના આવતા અંકમાં જાુઓ.

## વૈરાગ્ય સમાચાર

ભાઈશ્રી બાબુભાઈ નાનજી (માસ્તર) મુંબઈમાં સ્વર્ગવાસ પામી ગયા. તેમને ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો, અનેક વર્ષો સુધી તેઓ મુશ્કેલી ભોગવીને પણ સોનગઢમાં રહ્યા હતા, ને સોનગઢ રહેવાની જ ભાવના હોવા છતાં ધંધાદારી કારણોસર મુંબઈ જવું પડયું હતું. છેલ્લે માત્ર ચાર દિવસ તેમને તાવ આવ્યો, ને શરીર નબળું થઇ જતાં વાત કરતાં કરતાં તેમનું હૃદય બેસી ગયું. તેમના પુત્ર અનિલભાઈ તેમને સમવસરણસ્તુતિ સંભળાવતા; સ્વર્ગવાસની થોડી જ ક્ષણ પહેલાં તેમને (૧૦–૪૦ મિનિટે) ઘડિયાળનો ટાઇમ પૂછયો, ને પછી ભગવાનના તથા ગુરુદેવના ફોટાની સામે હાથ જોડતાં બે મિનિટમાં તેઓ દેહ છોડીને ચાલ્યા ગયા. તેઓ અખંડ સત્સમાગમ પામે ને આત્મહિત સાધે....એ જ ભાવના.

વઢવાણ શહેરના ભાઈશ્રી મણિલાલ હરખચંદ શાહ તા. ૧૨–૧૨–૬૩ના રોજ મુંબઈમાં કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો અને અવારનવાર સોનગઢ આવીને તેઓ લાભ લેતા હતા. માંદગી દરમિયાન પણ તેઓ સ્વાધ્યાય–વાંચન સાંભળતા, ટેપ–રેકોર્ડિંગ મશીનદ્વારા ગુરુદેવના પ્રવચનો સાંભળતા; અંતિમ દિવસ સુધી સ્વાધ્યાય સાંભળી હતી, ને છેલ્લે ગુરુદેવના તથા શ્રીમદ્રાજચંદ્રના ફોટાના દર્શન કર્યા હતા. તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસામાં આગળ વધીને તેઓ આત્મહિત સાધે એ જ ભાવના.